Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૧૨ • તા. ૨૦ માર્ચ ૨૦૧૭ થી ૨૬ માર્ચ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી આયોજીત ટ્રેડ કમ ફન ફેર (૨) - ૨૦૧૭





















# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

દ્વારા આયોજિત

**માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા**ની પ્રેરણાથી

**શ્રી તરૂણભાઇ રતનશી લોડાયા (સાંયરા)**ના સહયોગે

સમગ્ર શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના

## વરસીતપના તપસ્વીઓની તપશ્ચર્યા અનુમોદનાર્થે નવકારશી સહ બહુમાન કાર્યક્રમ

**શુભ દિન**

વિ.સં. ૨૦૭૩
વૈશાખ સુદ-૪,
શનિવાર,
તા. ૨૯.૦૪.૨૦૧૭
સવારે ૮:૦૦ કલાકે

**સ્થળ**

શેઠશ્રી નરશી નાથા સભાગૃહ
અનંતસિદ્ધિ,
લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ,
ભાંડુપ (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦ ૦૭૮.



શેઠશ્રી તરૂણભાઇ રતનશી લોડાયા

### *મહાન વર્ષીતપની અનુમોદના તથા નવકારશી સહ બહુમાન કાર્યક્રમ*

આ અવસર્પિણી કાળની આદિમાં પ્રથમ રાજા, પ્રથમ સાધુ, પ્રથમ તીર્થંકર પરમાત્મા શ્રી આદિનાથ પ્રભુજીએ પોતાના પૂર્વભવના ઘોર અંતરાય કર્મના ક્ષય માટે સહજ રીતે આદરેલ મહાતપ એ જૈન શાસનમાં વર્ષીતપ તરીકે સુપ્રસિદ્ધ છે. પરમાત્માના સળંગ ૪૦૦ ઉપવાસોની અખંડ તપસ્યાના અંતે અક્ષયતૃતિયા (અખાત્રિજ)ના શુભ દિવસે પરમાત્મા શ્રી આદેશ્વર પ્રભુને કલ્પનીય એવા (ઇક્ષુરસ) શેરડી રસથી પ્રભુના પૌત્ર શ્રી શ્રેયાંસકુમારે આ કાળમાં પ્રથમ સુપાત્રદાન રૂપ પારણું કરાવ્યું. પ્રભુના આ વર્ષીતપની એટલે ૧૩ મહિનાના એકાંતરા ઉપવાસ રૂપ વર્ષીતપની અને ઇક્ષુરસના પારણાની પરંપરા સુદીર્ઘ કાળથી અખંડ પણે ચાલી રહી છે.

આ વર્ષના સમૂહ વર્ષીતપ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સળંગ ૫૦-૫૦ (સ્વર્ણિમ) વર્ષીતપની અનુમોદનાર્થે ઉજવવામાં આવેલ છે. જે નિમિત્તે વિશાળ સંખ્યામાં આપણા જ્ઞાતિના સાધર્મિક ભાઇ-બહેનોએ પણ એટલા ઉત્સાહથી તપ કરેલ છે સાથે આપણી જ્ઞાતિની ગરિમા વધારેલ છે.

અમારા આ આયોજનમાં માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયાની પ્રેરણાથી શ્રી તરૂણભાઇ રતનશી લોડાયા (સાંયરા)નો ભવ્ય સહયોગ સાંપડેલ છે. દેવગુરૂની અસીમ કૃપાથી આદરેલ વર્ષીતપની આરાધના નિર્વિઘ્ને પૂર્ણાહુતિ પગથારે પહોંચવા આવી છે. વર્ષીતપના તપસ્વીઓના તપના અનુમોદનાર્થે તપસ્વીઓને નવકારશી સહ બહુમાનનું આયોજન કરવામાં આવેલ છે.

લિ.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

શ્રી કલ્પેશભાઇ માણેકજી મોતા
પ્રમુખ

માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવાર
શ્રી તરૂણ રતનશી લોડાયા (સાંયરા)

K.D.O STUDENTS ASSOCIATION Estd. 1954

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઇ

63 Shree KDO Students Association

## KDO LADIES SPECIAL | Happy Women's Day-2017

### મુખ્ય દાતાશ્રી પરિવાર

શેઠશ્રી સી.એમ.શાહ અને શ્રીમતી દમયંતીબેન ચાંપશી શાહ (લોખંડવાલા) પરિવાર

શ્રીમતી મધુરીબેન મહેન્દ્ર ડાઘા

### સહયોગી દાતાશ્રી પરિવાર

| | |
|---|---|
| સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ | ડૉ. મીરાબેન દેવચંદ ધરમશી |
| માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર | કુ. ખુશાલી પ્રજ્ઞા બીપીન નાગડા |

શેઠશ્રી કિરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા




















shreekdovs@gmail.com | /SHREEKDOVS

### શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહિલાઓ માટે વિશેષ કાર્યક્રમ

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે જ્ઞાતિની મહિલાઓ માટે લેડીઝ સ્પેશિયલ ૨૦૧૭ નામે બે દિવસીય કેમ્પનું આયોજન શનિવાર, તા. ૪-૩-૨૦૧૭ થી તા. ૫-૩-૨૦૧૭ ના દેવલાલી જૈન શ્વેતાંબર તીર્થ ટ્રસ્ટ ધર્મશાળામાં કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિની ૮૦ મહિલાઓ સહભાગી થઈ હતી. મહિલાઓ જાગૃતિ લાવવા સિદ્દીકી સરના આગ લાગે ત્યારે લેવાની કાળજી તથા પ્રથમોચારના માર્ગદર્શનનું પ્રત્યક્ષીકરણ રાખવામાં આવ્યું હતું- અનુસંધાન સમાચાર વિભાગમાં

# *Shining Stars of Jakhau*



RAASHI YASH KANTILAL SHIAL

Age : 17

1. 1st **Prize in Golf Tournament** organized by **JITO**- Ahmedabad.
2. 1st **Prize in Swimming Competition** organized by **JITO** - Ahmedabad.
3. 1st **Prize** in **1100 mts Running** at the famous **Karnavati Club**- Ahmedabad Health & Fitness Competition by clocking 4:25 minutes, in the Girls under 18 years category.
4. 1st **Prize** in overall Events & **Best Girl Athlete** prize at the famous **Karnavati Club**- Ahmedabad Health & Fitness competition in Girls under 18 years category.
5. Ahmedabad District **Badminton** winner in Girls under 18 years category.



MOHNISH YASH KANTILAL SHIAL

Age : 15

1. Winner of **Captain's Trophy** at **Maharaja Sayaji Rao Gaekwad Baroda Golf Club,** Vadodara.
2. 5th Position in Golf at the **Asian Level 'Nick Faldo'** Golf Championship held at **Phuket (Thailand)**.
3. Winner for 2 Consecutive Years of the **15th August Independence Cup** Golf Tournament'.
4. Twice Winner of the **Open Gujarat** Golf Championship in under 15 years as well as under 18 years category.
5. Currently Ranked **No 1 Junior Golfer** in **Gujarat State & West Zone** under 18 years category.
6. **7 time** winner in **West Zone** under 15 years as well as 18 years age category.
7. Winner of **West Zone Inter School** Golf Tournament held at Bombay Presidency Golf Club, Chembur, Mumbai.
8. Winner of **Best Etiquette Golfer** at the **West Zone Inter School** Golf Tournament at Mumbai.
9. India's famous Golf Magazine **'Golf Plus'** has published an article on Mohnish in its latest Edition as **Most Promising & Upcoming Player** from West Zone.
10. He trains under **India's No 1 Golf Coach Mr. Vijay Divecha** of Banglore.
11. 1st **Prize** in Running 1100 mts at famous **Karnavati Club -** Ahmedabad Health & Fitness competition by clocking 4:12 minutes in the Boys under 18 years category.
12. 1st **Prize** in overall events & the prize of **Best Boy Athlete** at the famous **'Karnavati Club'** Ahmedabad Health & Fitness competition in the Boys under 18 Category.
13. Apart from Golf he has played **Badminton** up to State level.
14. In his studies he scores **90% marks**.

*Best Wishes From :*

**Smt. Nirmala Shantilal Mulji Shial (Jakhau/Indore)**
**Smt. Roma Vijay Shantilal Shial (Jakhau/Indore)**
**Smt. Kaushika Kantilal Mulji Shial (Jakhau/Ahmedabad)**
**Smt. Sonal Yash Kantilal Shial (Jakhau/Ahmedabad)**

**Address: 103, Vatsraj Towers, Opp. Shraddha School, Jodhpur Gam Road, Satellite, Ahmedabad - 15 (M : 9825063948)**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

: વ્યવસ્થાપક :

ચંદ્રસેન મોમાયા

મો. 09324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 12/2017**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# રહેઠાણ યોજના બાબત પારદર્શકતા જરૂરી

પોતાની યુવા વયે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સારો દેખાવ કરનારા અને અરિહંત બેંકના ભૂતપૂર્વ ચેરમેન તરીકે ય બેંકને સધ્ધર કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવનારા CA શ્રી ઠાકરશી મેઘજી ગોસરે થોડા સમય પહેલાં અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ઘટતા વ્યાજના જમાનામાં કોર્પસ રાખી તેનું વ્યાજ ખાવાની વૃતિ છોડી રહેઠાણ યોજના પર ધ્યાન આપવાની પ્રકાશ સમીક્ષામાં છાપવા આપેલા/છપાયેલ પત્ર દ્વારા સલાહ આપી હતી. તે વાંચીને સમજદાર જ્ઞાતિજનોએ આ બાબત ખરેખર શું થઈ રહ્યું છે તે બાબત આપસમાં પૂછપરછ શરૂ કરી પણ કમભાગ્યે સંબંધિતોએ અપનાવેલી પારદર્શાતા ન રાખવાની નીતિને પરિણામે ભાગ્યે જ કોઈ એક બીજાની પુછપરછનો નક્કર જવાબ આપવાને સક્ષમ હતા.

અનંતછાયાના  વેચાણની મોટી રકમ આવી અને હોપ વન થાઉઝન્ડની આસપાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સારો વિકાસ થયો તે પછી આ બાબત ઘણાજ ઉજળા સંજોગો નિર્માણ થયા છે, તે છતાં જ્ઞાતિમાં રહેઠાણ યોજના બાબત ખૂબજ નિરાશાનું વાતાવરણ કેમ છે એ જાણવા અને સમજવા જ્ઞાતિના સમજદારો પ્રયત્નશીલ છે.

અગાઉ જણાવ્યું તેમ પારદર્શકતા ન હોવાથી આ બાબતની વિગતે છણાવટ શક્ય નથી પણ એટલું જરૂર કહીં શકાય ડોંબિવલી અને આસપાસના વિસ્તારમાં રહેઠાણનો પ્રોજેક્ટ હાથ ધરવાની મહત્વાકાંક્ષી વાત બાજુ પર મૂકીએ તો પણ શ્રી ઠાકરશી ભાઇએ જેને માટે આગ્રહ કર્યો છે તે અનંતસિધ્ધિ ભાંડુપ અને અનંતનાથ કોમ્પલેક્સ કાંજુરમાર્ગ ખાતે ડેવલ્પ-રીડેવલ્પ કરવાની વ્યવહારુ યોજના તો થઈ જ શકે તેમ છે કરવી જ જોઇએ.

આ બાબત પારદર્શકતાની વાત કરીએ તો જેમાં બિલ્ડર, દાતાથી માંડીને વકીલો હતા તેથી જેમને વિશે તેઓ ચોક્કસપણે જુની મિલકતોના રીડેવલ્પમેન્ટ ઉપરાંત તેમને જ્યાંથી સૌથી વધુ મત મળ્યા એ ડોંબિવલીની આસપાસ મહત્વાકાંક્ષી રહેઠાણ યોજના હાથ ધરશે એવું મનાતું હતું તેવી અનંત યુવા શક્તિની ટીમે પોતે ટ્રસ્ટની મિલકતો વેચી રૂા. ૧૦૦ કરોડનું કોર્પસ ઊભું કરી શિક્ષણ અને મેડિકલ બાબત કામ કરવાની પોતાની યોજના હોવા છતાં ચૂંટણી વખતે એ બાબત મતદારોને જણાવી નહીં.

છેવટે અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા અનંતસિધ્ધિમાં મળેલી સભામાં નાતની મિલકત (અનંતછાયા) વેચી નાખવા બદલ તીવ્ર નારાજગીનો સામનો કરવો પડ્યો ત્યારે તેમણે જાહેર કર્યું કે અમે તો એવું માનીએ છીએ કે અનંતનાથજી ટ્રસ્ટે શિક્ષણ પર ભાર આપવો જોઇએ જેથી જ્ઞાતિજનો ઉચ્ચશિક્ષણ પામી પોતાની કારકિર્દી અને સુખકારીવાળા જીવનનું ઘડતર પોતાની રીતે કરી શકે... કરી લે.

અલબત્ત વર્તમાન ટ્રસ્ટ બોર્ડની વાત જુદી છે. એમણે મુંબઈ ક્ષેત્રના જ્ઞાતિજનોની રહેઠાણ સમસ્યા અંગે પાકો અંદાજ આવી શકે તે માટે નવેસરથી ફોર્મ ભરાવ્યા, એમ પણ જાહેર કર્યું કે ટુંકમાં રહેઠાણ યોજનાને અંતિમ સ્વરૂપ અપાશે. એ બાબત પીએમસી રાખવા માટેની પણ જાહેરાત આપવામાં આવી. ભલારાની પહેડી જ્યાં ૫૦૦૦ લોકો હાજર હતા તેમની વચ્ચે અનંતસિધ્ધિના રીડેવલ્પમેન્ટની જવાબદારી એક ટ્રસ્ટીશ્રીને સોંપાઈ ગઈ છે અને ટુંકમાં બીજી રહેઠાણ યોજના પણ જાહેર કરવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવી હતી એ વાતને પણ હવે ખાસ્સો સમય વીતી ગયો છે. હકીકતમાં અત્યારના ટ્રસ્ટ બોર્ડ ઘોષણા કરવી જોઇએ કે જેમ અગાઉના ટ્રસ્ટ બોર્ડની અગ્રતા શિક્ષણ હતી તેમ અમારી અગ્રતા ધાર્મિક પ્રવૃતિઓ છે એમાંથી નવરા થશું ત્યારે રહેઠાણ યોજના બાબત વિચારશું પણ તેમણે એવું જાહેર કરવાની ખેલદિલી પણ નથી બતાવી.

આવી જ કાંઈ હાલત હોપ વન થાઉઝન્ડની છે. સંચાલકોએ પારદર્શાતા નહોતી રાખી એટલે પ્લોટ ધારકોએ પોતાનું સંગઠન રજીસ્ટર કરી આખી વસ્તુ પોતાના હસ્તક લેવાની તૈયાર કરી લીધી હતી ત્યારે સાથે બેસીને જ્ઞાતિહિતમાં હોપ વન થાઉઝન્ડનું નિકારણ લાવશું એવી વાત

સંચાલકો અને પ્લોટ ધારકો વચ્ચે થઈ તેથી નવી આશા બંધાઈ પણ એને મહિનાઓ વીતી ગયા છતાં હજુ એ બાબત પારદર્શકતાના ધોરણે વાતચીત નથી થઈ.

આ બાબત શું કરવું જોઈએ તેની લાંબી વાત કરવાનો કોઈ જ અર્થ નથી કેમકે જ્યાં સુધી સંબંધિતો પારદર્શતા ન દાખવે અને માહિતી ન આપે ત્યાં સુધી આ બાબત સ્વપ્ન જોવાનો કોઈ જ અર્થ નથી.

હા, સમાપનમાં એવો અનુરોધ જરૂર યોગ્ય છે કે જ્ઞાતિજનો આ બાબત વિચાર કરી પોતાના સૂચન આપી શકે તે માટે સંબંધિતોએ વહેલામાં વહેલી તકે પારદર્શીપણું અપનાવવું જોઈએ. **– ચંદ્રસેન મોમાયા**


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

## અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**લગ્ન સંબંધી :** મુંબઈ સ્થિત જન્મ એપ્રિલ ૮૬, ઉંચાઈ ૫'.૩'', કુંવારી, માંગલિક, B.Com, M.Com, C.S., L.L.B.,. MNCમાં કાર્યરત દંડ ગોત્રીય કન્યા માટે સમકક્ષ યુવકના વડીલો સંપર્ક કરે. કુંડલીમાં માનીએ છીએ.
**સંપર્ક : ફોન : 09619119885**

## સર્વે જખૌ વાસીઓ માટે અગત્ય ની જાહેરાત

તા.૧૫-૩-૨૦૧૭

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન અને શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસરજી ટ્રસ્ટ બોર્ડની તા.૨૬-૩-૨૦૧૭ની ચુંટણી (Voting) પ્રક્રિયા રદ કરવામાં આવે છે. જેની નોંધ લેવા વિનંતી.**

સર્વે જખૌવાસીઓ અને ઉપરોક્ત સંસ્થાઓના હિતમાં સર્વે ઉમેદવારો વચ્ચે સમાધાન અને સંયુક્ત સમજદારીથી ચુંટણીની પ્રક્રીયા ટાળી શકાઈ છે. જે માટે સર્વે ઉમેદવારોનું અભિવાદન કરીએ છીએ. અને સર્વાનુમતે નક્કી કરાયેલા પદાધિકારીઓ અને સભ્યોની જાહેરાત ટુંક સમયમાં જ કરવામાં આવશે.

લિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી**
**-: ચુંટણી સમિતી :-**
મુખ્ય ચુંટણી અધિકારી : **શ્રી સનત કુંવરજી ખોના**
સહચુંટણી અધિકારી : **શ્રી કાંતિલાલ આણંદજી નાગડા**

## ખોના કુળ ગોત્રનાં શ્રી સચ્ચાઈ માં નું સ્થાનક ખોના ફલિયા, નલીયા - કચ્છ

**ખોના ફલિયા, નલીયા ખાતેના શ્રી સચ્ચાઈમાંના સ્થાનકે સમુહ પહેડી પ્રસાદ તા. ૦૧-૦૭-૨૦૧૭ શનિવાર, અષાઢ સુદ-૬ છઠ્ઠનાં રાખવામાં આવેલ છે.**

**ભૂલ સુધાર**

## આરોગ્ય પ્રકાશ : ''પ્રિવેન્સન ઈઝ બેટર ધેન ક્યોર''

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

આરોગ્ય માટે અંગ્રેજીમાં એક સારી કહેવત છે ''પ્રિવેન્સન ઈઝ બેટર ધેન ક્યોર'' એટલે કે ઇલાજ કરવાને બદલે બિમાર ન પડીએ તે ઉત્તમ છે. દવા, ઇન્જેક્શન, ઑપરેશન કોઈનેય ગમતા નથી. બિમાર પડીએ એટલે દવા તો લેવીજ પડે નહીં તો બિમારી વધતી જ જાય. દવા ઘરગથ્થુ હોય, આયુવેર્દીક હોય, હોમીયોપેથીક હોય કે એલોપેથીક હોય પણ દર્દી બન્યા એટલે દવા તો લેવી પડે જ. તેથી આપણે એ તકેદારી રાખવી જોઇએ કે આપણે દર્દી જ ન બનીએ.

રોગોના મુખ્ય ત્રણ પ્રકાર છે **૧) જન્મજાત :** જેમાં ખોડખાંપણ, મંદબુધ્ધી, હિમોફિલીઓ મસ્ક્યુલર ડીસ્ટ્રોફી (સ્નાયુની બિમારી) અને જીન્સની ખામીને કારણે થતા રોગો.

**૨) ચેપી રોગ :** જે વાયરસ, બેક્ટરીયા, ફંગસ, એલર્જી ઉત્પન્ન કરનાર તત્વો, ઝેરીવાયુ, દુષિત પદાર્થ, કેફી પદાર્થ, દવાઓ લેવાથી-પાણી અને ખોરાક ડે શરીરમાં જાય ત્યારે થાય છે.

**૩) જીવનશૈલીની ગડબડને કારણે થતા રાગ (Lifesytle Disease) :** હાઈ બી.પી., ડાયાબીટીઝ, હાર્ટએટેક, સ્ટ્રોક કેન્સર વગેરે તેમજ ઉમરને કારણે મોતિયો, કંપવા, યાદશક્તિ ઓછી થવી. ન્યુરાઈટીસ, થાયરોઈડ, પ્રોસ્ટેટ, બહેરાપણું, વગેરેનો સમાવેશ થાય છે. અકસ્માત એ રોગ નથી પણ અકસ્માતને કારણે ફ્રેક્ચર, લોહી વહી જવું, ચેપ લાગવો, ઑપરેશન કરાવવું પડે તે પણ આકસ્મિક રોગ કહેવાય. ગોલ્ડ બ્લેડર, કીડનીમાં પથરી, એપન્ડીક્સ વગેરે પણ રોગ છે.

૧) જન્મજાત રોગોને આપણે રોકી શકતા નથી. એ જન્મતાંની સાથે જ શરીરને લાગુ પડે છે.

**૨) ચેપી રોગ :** પાણી, ખોરાક હવામાં રહેલ દુષિત પદાર્થો એટલે કે બેક્ટેરીયા, વારરસ, ફંગસ વગેરેથી ચેપી રોગ થાય. શરીરની પ્રતિકાર શક્તિ ઘટે અટેલે ચેપી રોગ થાય. આપણી પ્રતિકાર શક્તિ લોહીમાંના હિમોગ્લોબીન (પુરૂષોમાં ૧૪ થી ૧૫ ગ્રામ, સ્ત્રીઓમાં ૧૩ થી ૧૪ ગ્રામ) અને માનસિક અને શારીરિક સ્વસ્થતા પર આધાર રાખે છે.

જો આપણે નિયમિત કોઈપણ જાતની કસરત ફક્ત ૪૫ મિનિટ કરીએ તો એરોબિક પાવર (હૃદય, ફેફસા, રક્તવાહિની ક્ષમતા) વધશે અને શારીરિક સ્વસ્થતા રહેશે. હિમોગ્લોબીન નોર્મલ રહે, પ્રતિકાર શક્તિ વધે અને સાથે સાથે માનસિક રીતે સ્વસ્થ, મનથી મજબૂત રહેવું જોઇએ. શરીરથી અને મનથી નબળા પડીએ ત્યારે ચેપી બિમારીઓ લાગુ પડે છે.

૩) આજકાલ જીવનશૈલી પહેલા કરતાં ખૂબ બદલાઈ છે એટલે હાઈ બી.પી., ડાયાબીટીઝ, સંધીવાત, થાયરોઈડ, હાર્ટ


## શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડીયા બારમી સમૂહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

**કુળદેવી શ્રી સચ્ચામાતાજીની વરસી રહેલી અસીમ કૃપા તેમ જ કુટુંબીજનો તથા નિયાણી બહેન દીકરીઓના સાથ સહકારથી શ્રી સચ્ચામા દંડ પરિવારની (બારમી) ૧૨મી સમૂહ પહેડીનું તથા સ્નેહમિલનનું મંગલકારી આયોજન કરેલ છે.**

**કાર્યક્રમ :** રવિવાર, તા. ૦૪-૦૬-૨૦૧૭ (જેઠ સુદ દશમ)

**શુભ સ્થળ :** જૈનમ ક્લાસિક હૉલ, ગ્રાઉન્ડ ફ્લોર, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.

**સમય :** સવારે ૮.૩૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી

સંપૂર્ણ પહેડી તથા સ્નેહમિલનનો અમૂલ્ય લાભ લેનાર લાભાર્થી પરિવાર

**દાદીમા ધનબાઈ રૂપશી મેઘજી દંડ** હસ્તે **માતુશ્રી રંજનબેન અરવિંદ રૂપશી દંડ**

આ શુભ પ્રસંગે શ્રી સચ્ચામાને નમતા સમસ્ત હાલારના દંડ પરિવારના ભાવિકો તેમ જ નિયાણી બહેન, દીકરીઓને સહપરિવાર પધારવા શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી હેતભર્યું આમંત્રણ છે. આપણે સહુ સાથે મળી પ્રેમથી ઉત્સાહથી આ શુભ પ્રસંગે ભક્તિગીત તથા રાસગરબાની રમઝટ સાથે દીપાવવાનું છે.

**મનોજ દંડ - 098213 34417**
**પંકજ દંડ - 090048 41222**
**નીલેશ દંડ - 099204 16978**

એજ લી.
શ્રી સચ્ચામા દંડ પરિવાર
કાર્યકર ગણ

**મયુર દંડ - 098196 63555**
**ચંદ્રેશ દંડ - 099670 18785**
**અલ્પેશ દંડ - 098200 57598**

**ચેતન દંડ - 098213 50952**

**નોંધ :** જે ભાવિકો તથા નિયાણી બહેન, દીકરીઓના સરનામા બદલાયા હોય અથવા નિમંત્રણ પત્રિકા ન મળતી હોય તો તેમણે ઉપરના કાર્યકરોને જાણ કરવા વિનંતી છે.

**।। શ્રી સચ્ચામા દંડ પરિવારના જય માતાજી ।।**

# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય :** સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર.

**મુંબઈ કાર્યાલય :** C/o. ખુશ્બુ ડાયકેમ પ્રા. લિ., ગાલા નં. ૯૯, ન્યુ યુનિક ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર ટોકીઝની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : **25930696**

E-mail : sevakbharudiyatrust@gmail.com • Website : www.sevakbharudiyatrust.in

## ૧૧મી વાર્ષિક સામાન્ય સભા

**જય જિનેન્દ્ર,**

**આપણા સંઘની ૧૧મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૬-૪-૨૦૧૭ના નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. જેમાં નીચે જણાવેલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.**

## એજેન્ડા

૧) ગત સામાન્ય સભાની મીનીટસનું વાંચન તથા તેને બહાલી.

૨) વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના ઓડીટેડ હિસાબને મંજુરી આપવી.

૩) વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે ઓડીટરની નિમણુંક કરવી.

૪) પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય વિષયો પર ચર્ચા વિચારણા કરવી.

**નોંધ :** કોરમના અભાવે જો સભા મુલતવી રાખવી પડે તો અડધા કલાક પછી એ જ સ્થળે સભા પાછી મળશે તેમાં હાજર રહેલ સભ્યોની કોરમ ગણાશે તેની કાર્યવાહી કાયદેસર ગણાશે.

**સભાનું સ્થળ :**
**શેઠશ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ,**
દેવપુંજ, શિશુકુંજ હૉલની પાછળ, વાલજી લધાભાઈ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**સમય :**
**બપોરે ૩.૦૦ થી ૭.૦૦ કલાકે**

**ચા અને અલ્પાહારની વ્યવસ્થા છે**

શ્રી સંઘના હિસાબના ચોપડા અને ઓડીટ રિપોર્ટ જોવા તા. ૫-૦૪-૨૦૧૭ થી તા. ૮-૪-૨૦૧૭ દરમ્યાન બપોરે ૪ થી ૬ વચ્ચે મુંબઈ કાર્યાલય જોઈ શકાશે. આપણા સંઘની વેબસાઈટ www.sevakbharudiyatrust.in ઉપર મુકવામાં આવેલ છે. સભ્યો ત્યાં જોઈ શકે છે.

## નમ્ર નિવેદન :

**આપણા દેરાસરના વાર્ષિક સાધારણના નકરા દરેકના રૂા. ૧૧૦૦૦/- પ્રમાણે નીચે મુજબ છે.**

**૧) વાસક્ષેપ પૂજા ૨) પક્ષાલ પૂજા, ૩) અંગલુછણા ૪) ચંદન પૂજા ૫) ફૂલ પૂજા ૬) ધૂપ પૂજા ૭) દીપક પૂજા - વહેલો તે પહેલો ના ધોરણે મુંબઈ કાર્યાલયે નામ લખાવવામાં આવશે.**

બીજું, સહર્ષ જણાવવાનું કે આપણા જિનાલયની ૧૨મી ધ્વજા આરોહણ પ્રસંગે સત્તરભેદી પૂજા અને અઢાર અભિષેક કાયમી ધ્વજાના દાતા **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર**ને હસ્તે અને એમના સાથ - સહકારની સાથે ખૂબજ ઉલ્લાસ, ઉમંગથી અને ભક્તિ ભાવપૂર્વક તા. ૨૪-૨-૨૦૧૭ના રોજ ઉજવાયો સ્થાનિક તેમજ મુંબઈ અને બહારગામ થી ભાવિકો સારી સંખ્યામાં ઉપસ્થિત હતા અને સરસરીતે પ્રસંગ ઉજવાયો.

**એજ લી. શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી....**

**રાજેશ કાંતિલાલ ધરમશી** (માનદમંત્રી) **હીતેશ વિશનજી નાગડા** (સહ માનદ્મંત્રી)

એટેક, કેન્સર અને સ્ટ્રોકની બિમારીઓ ઘણા પ્રમાણમાં વધી છે બાયપાસ, એન્જીઓપ્લાસ્ટી, સાંધા બદલવા (Knee Replacement) એ જાણે સામાન્ય બની ગયું છે. તેથી આ બિમારીઓથી બચવા બદલાયેલી જીવનશૈલીમાં સુધારા કરો.

હાઈ બી.પી., હ્રદયરોગ, ડાયાબીટીઝ, સંધીવાત, આમવાત (યુરેટોઈડ આર્થરાઈટીસ), થાયરોઈડ, કીડની ફેલ્યોર એક વખત લાગુ પડ્યા એટલે કાયમના સાથી. ભાગ્યેજ મટે. દવાથી કંટ્રોલમાં રહે પણ કાયમ મટે નહિં. અરે સાદી શરદી થાય તો પણ ૬-૭ દિવસ હેરાન કરીને જ જાય. ક્યારેક તો શરદી જાય થઈ જાય તો ઓર ઉપાધિ. તેજ રીતે ઉધરસ પણ હેરાન કરે અને કફ જામ થઈ જાય તો ખૂબ દિવસ સુધી હેરાન કરે.

માટે જ કોઈપણ બિમારી આવે નહિં તેની કાળજી એ બિમારી આવ્યા બાદની સારવાર કરતાં વધુ જરૂરી છે. હવે આપણે સામાન્ય બિમારીઓ ન થાય તે માટે શું કરવું જોઇએ કે શું સંભાળ લેવી જોઇએ એ વિશે જોઇશું.

**૧) શરદી ગળામાં સોજો :** શરદી, ગળામાં ચેપ લાગવો એ ચેપી રોગ છે. હવામાંના બેક્ટેરીયા, વાયરસ, નાકમાં કે ગળામાં શ્વાસ દ્વારા જઈ ત્યાં સ્થિર થાય છે અને વધે છે ત્યારે શરદી, ગળામાં સોજો (ફેરીન્જાઈટીસ) થાય છે. નાકમાંથી પાણી આવે, છીંક શરૂ થાય કે ગળામાં સાયનસ, દુખાવો, અવાજ બદલાઈ જવો કે બેસી જવો વગેરે લક્ષણો દેખાય છે. ઠંડા પીણા, ઠંડુ પાણી, આઈસ્ક્રીમ જેવી ચીજો ન લઈએ. નહીંતો હવામાં બેક્ટેરીયા, વાયરસ ઉક્ત જ હોય છે એ ઠંડા પાણીથી ન નહાવું. ગરમીમાંથી આવીને તરતજ પંખા નીચે કે એસીમાં ન બેસવું શિયાળામાં સ્વેટર, મફલર, કાનટોપી વગેરેનો ઉપયોગ કરવામાં શરમ ન કરવી.

જે વ્યક્તિને શરદી, ગળામાં સોજો કે કફ હોય તો તે વ્યક્તિથી દૂર રહીએ તેમજ આપણને આ તકલીફ લાગુ પડી હોય તો ઘરના બીજા સભ્યોને લાગુ ન પડે તેવું ધ્યાન રાખીએ. છીંક આવે ત્યારે રૂમાલનો ઉપયોગ કરીએ. નાના બાળકો, વૃદ્ધજન, સગર્ભા સ્ત્રી અને બિમાર વ્યક્તિએ જલ્દી લાગે છે તેથી શરદી, કફવાળાએ એમનાથી દૂર રહેવું. ઘરની બારીઓ ખુલ્લી રાખો, જેવી શુધ્ધ હવા ઘરમાં ફરતી રહે અને સૂર્યપ્રકાશ ઘરમાં આવવાથી બેક્ટેરીયા ઘરમાં ઓછા રહે. ભીડભાડથી દૂર રહેવું કારણ ત્યાં ચેપ લાગવાની શક્યતા વધુ હોય છે.

**૨) ઉધરસ :** શરદીની જેમ જ ઉધારસ પણ ચેપી રોગ છે. કોઈને ઉધરસ હોય તો તેનો ચેપ પણ આપણને ન લાગે તેનું ધ્યાન રાખવું. ઉધરસ કફ હોય તેવી વ્યક્તિએ ઉધરસ ખાતી વખતે મોં આડે રૂમાલ રાખવે બીજાઓને ચેપ ન લાગે તેનું ધ્યાન રાખવું. ભીડભાડથી દૂર રહેવું શારીરિક કે માનસિક નબળાઈ હોય, ઉંઘ ઓછી થઈ હોય, ઉપવાસ એકાસણા હોય તેવી વ્યક્તિ અને બાળક, વૃદ્ધ અને સગર્ભા સ્ત્રીએ ગીરદીના સ્થળે જવાનું ટાળવું જોઇએ. ઠંડા પાણીથી દૂર રહેવું. ઘરમાં સૂર્યપ્રકાશ અને હવાની અવરજવર પૂર્ણપણે થાય તેમ બારીઓ ખુલ્લી રાખો.

**૩) ટી.બી. (ક્ષય) :** ટી.બી.ના જંતુઓ પણ હવા દ્વારા ફેફસામાં, શરીરમાં જાય છે. જે વ્યક્તિને ટી.બી.ની બિમારી હોય તેના સંસર્ગમાં આવવાનું ટાળવું જોઇએ. ટી.બી. થયેલ વ્યક્તિએ ૧૫ દિવસ ટી.બી.ની દવા લીધા પછી જ જાહેરમાં જવું જોઇએ, જેથી હવામાં જંતુ ફેલાઇને બીજાઓને ચેપ ન લાગે. ઘરમાં પણ બીજાને ચેપ ન લાગે તે માટે દરદીએ અને ઘરની બીજી વ્યક્તિઓ એ ધ્યાન રાખવું જોઇએ. દરદીએ ઉધરસ ખાતી વખતે મોં સાધો રૂમાલ રાખવો જોઇએ. દરદીની માવજત કરનાર વ્યક્તિઓ મોં પર માસ્ક બાંધવું વ્યવસ્થિત દવા કરવી જોઇએ. જેથી વળી ટી.બી. ઉથલો ન માટે. ઇલાજ અધવચ્ચે જ છોડવાથી બીજાએ તેનો ચેપ લાગવાની સંભાવના વધી જાય છે. બીડી, સિગારેટ પીવાથી દૂર રહો. નહીં તો આ બિમારી જલ્દી લાગુ પડે. પ્રાણાયામ, કસરત, પુરતી ઉંઘ, પોષ્ટીક આહાર નિયમિત રાખવાથી ફેફસાની આ અને આવી બિમારીએ લાગુ ન પડે.

**૪) ન્યુમોનિયા :** આ બિમારી પણ હવા દ્વારા ફેલાય છે. તેથી ટી.બી.ની જેમ જ ન્યુમોનિયાને ચેપ ન લાગે તેની કાળજી તેજ રીતે લેવી જોઇએ.

અનુસંધાન ૧૧મે પાને


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


**ભાઈ તુલ્ય દોસ્તને**
**'આઠમી પુણ્યતિથીએ શ્રધ્ધાસુમન'**



**સ્વ. દામજી નરશી દંડ** (સાંધવ - ભાંડુપ)
સ્વ. તા. ૨૦-૩-૨૦૦૯

અંજલિ આપતાં હૈયું તુટે છે. શ્રધ્ધાજંલિ લખતા શબ્દો ખુટે છે...
કુદરતના ખજાનાને ખોટ પડે ત્યારે ધરતીના પુષ્પો ચુંટે છે....
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
પરમશાંતિ આપે એજ પ્રાર્થના !
**ગોવિંદજી લાલજી પટેલ** (સાંધવ - મુલુંડ)

|| સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી શાંતિનાથાય નમો નમઃ || || શ્રી સખત માતાય નમો નમઃ ||

# શ્રી સમસ્ત લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની ચતુર્થ સમૂહ પહેડી

**આવ્યો છે શુભ અવસર લોડાયા પરિવારના આંગણે, રૂમઝૂમ રૂમઝૂમ માડી પધારશો મુલુંડ ને પ્રાંગણે....**
**હરખનાં તેડાને હૈયાનો હોકારો આપવા આમંત્રણ સ્વીકારજો, માડીનાં દર્શન કરવા સપરિવાર પધારજો....**

**સચ્ચાઈ માતાજી સમૂહ પહેડી શુભ દિવસ :**
**ચૈત્ર વદ ૪, શનિવાર, તા. ૧૫-૦૪-૨૦૧૭ સમય : સાંજે ૦૪.૦૦ વાગ્યાથી**
**સ્થળ : કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, મુલુંડ (વેસ્ટ)**

## સચ્ચાઈ માં ના પહેડીના લાભાર્થી પરિવારો

| | |
|---|---|
| મહાપ્રસાદના લાભાર્થી પરિવાર | **માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા** (કોઠારા - મુલુંડ) |
| માતાજીને તેડી આવવાના લાભાર્થી પરિવાર | **માતુશ્રી ખેતબાઈ હંસરાજ વિશનજી લોડાયા** (આરીખાણા - મુલુંડ) |
| માતાજીની આરતીના લાભાર્થી પરિવાર | **શ્રીમતી રશ્મિબેન પ્રતાપ ચાંપશી લોડાયા** (તેરા - મુલુંડ) |
| માતાજીના થાળના લાભાર્થી પરિવાર | **૧) માતુશ્રી મણીબાઈ કલ્યાણજી લોડાયા** (આરીખાણા- ડોંબિવલી)<br>**૨) માતુશ્રી હંસાબાઈ હિરાચંદ અરજણ પટેલ** (બાંઢીયા - ઐરોલી) |
| માતાજીને પોંખવાના લાભાર્થી પરિવાર | **માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા** (મોટી સિંધોડી - ડોંબિવલી) |
| દિપ-ધૂપ પૂજાના લાભાર્થી પરિવાર | **માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા** (રાપર ગઢવારી - ઘાટકોપર) |
| માતાજીને ફૂલહાર પહેરાવવાના લાભાર્થી પરિવાર | **માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા** (બાંઢીયા - ભાંડુપ) |
| માતાજીને ચુંદડી ઓઢાડવાના લાભાર્થી પરિવાર | **માતુશ્રી કસ્તુરીબાઈ કેશવજી લોડાયા** (આરીખાણા - ડોંબિવલી) |
| પૂજામાં બેસવાના લાભાર્થી પરિવાર | **૧) માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા સુપુત્રો** (સાંયરા - ડોંબિવલી)<br>**૨) માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા** (સાંધવ - મુલુંડ) |

**નોંધ :**
સહયોગી દાતાશ્રી બનવા માટે આપના પરિવારનું નામ લખાવવા સંપર્ક કરવા વિનંતી.

**સંપર્ક :**
**શ્રી વિરેન્દ્ર લોડાયા**
**09821073830**
**શ્રી સંદીપ લોડાયા**
**09867167387**

**ચતુર્થ સમૂહ પહેડીના સહયોગી દાતાઓ :** ● **આરીખાણા :** માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા (મુલુંડ), માતુશ્રી ધનલક્ષ્મીબેન રાયચંદ વિસનજી લોડાયા, માતુશ્રી નવલબેન મુલજી લોડાયા (મુલુંડ) ● **બાંઢીયા :** શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા (અમદાવાદ), શ્રી હીરજી શિવજી લોડાયા (મુલુંડ), મા. લાખબાઈ આણંદજી લોડાયા (નાસિક) ● **મોટી ખાવડી :** શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા (થાણા), શ્રી મોતીલાલ દેવજી લોડાયા (ઘાટકોપર), શ્રી ગીરીશ ખીમજી કરમશી શાહ (મુલુંડ), શ્રી શાંતિલાલ શામજી શાહ (મસ્જીદ બંદર), માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા (ઘાટકોપર) ● **નલિયા :** માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા (મુલુંડ), શ્રી નરેન્દ્ર દામજી લોડાયા (મુલુંડ) ● **સાંધવ :** અ.સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા (ઘાટકોપર), માતુશ્રી જમકુબેન લાલજી પટેલ (મુલુંડ), માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ (મુલુંડ), માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા (મુલુંડ), માતુશ્રી ધનબાઈ દેવરાજ લોડાયા (થાણા), શ્રી પ્રકાશ માણેકજી લોડાયા (થાણા), શ્રી ભવાનજી રાઘવજી લોડાયા (મુલુંડ), માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ લોડાયા (લોકાપુર), શ્રી પ્રવીણ માણેકજી લોડાયા (થાણા) ● **વારાપધ્ધર :** શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા (વાપી), શ્રી ટોકરશી રતનશી લોડાયા (ડોમ્બીવલી), શ્રી અરવિંદ લાલજી લોડાયા (ગાંધીધામ), શ્રી લાલજી વેલજી લોડાયા ● **જખૌ :** શ્રી સુરેશ શિવજી લોડાયા (મુલુંડ) ● **વાંકુ :** શ્રી ભવાનજી દેવશી લોડાયા (મુલુંડ) ● **નાની ખાવડી :** માતુશ્રી સોનબાઈ કાનજી લોડાયા, હ. પ્રફુલભાઈ (અકોલા) ● **દલતુંગી :** માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા (ડોંબિવલી) ● **ગોરખડી :** માતુશ્રી ચંપાબાઈ રાયચંદ લોડાયા હ. નરેન્દ્ર (ઈન્ડોનેશિયા) **કોઠારા :** માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ શાહ (વાશી), માતુશ્રી પ્રેમાબાઈ લાલજી લોડાયા (મુલુંડ), માતુશ્રી કાંતાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) (ઘાટકોપર), માતુશ્રી જયાબેન ટોકરશી લોડાયા (ડોંબિવલી), શ્રી જીવરાજ ચાંપશી લોડાયા (અજાણી) (ચેન્નઈ), શ્રી રતિલાલ ધનજી લોડાયા (અજાણી) (ઘાટકોપર) ● **ભરૂડીયા :** માતુશ્રી પ્રભાવતી મુલજી લોડાયા ● **મંઝલ રેલડીયા :** માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા (ડોંબિવલી) ● **રાપર ગઢવારી :** માતુશ્રી મણીબાઈ નરશી લોડાયા હ. લહેરચંદ (ડોંબિવલી), શ્રી વિરચંદ નરશી લોડાયા (મુલુંડ), માતુશ્રી પ્રેમાબાઈ મેઘજી લોડાયા (ડોંબિવલી), અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા (ભાંડુપ) ● **સાંયરા :** શ્રી મધુકર જવેરચંદ લોડાયા (માટુંગા), માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ લોડાયા (રાયપુર), માતુશ્રી જયાબેન શાંતિલાલ લોડાયા (મુલુંડ), માતુશ્રી પ્રેમીલાબેન પદમશી લોડાયા (વાશી), શ્રીમતી મધુરીબેન દિનેશ લોડાયા (મુલુંડ), માતુશ્રી ધનબાઈ શિવજી લોડાયા હ. હંસકુમાર (ઘાટકોપર), શ્રી ઝવેરચંદ અરજણ લોડાયા (મુલુંડ) ● **સુથરી :** માતુશ્રી હેમલતાબેન નલિનકાન્ત પીર (મુલુંડ), શ્રી મયુર ખીમજી પીર (મુલુંડ), માતુશ્રી હેમલતા પ્રતાપ લોડાયા (મુલુંડ), શ્રી મહેશ લક્ષ્મીચંદ લોડાયા (મુલુંડ), શ્રી કિર્તીભાઈ પદમશી લોડાયા (મુલુંડ) ● **વરાડીયા :** માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા (ડોંબિવલી) ● **સાંધાણ :** માતુશ્રી દેવકાબાઈ શામજી લોડાયા હ. ઉત્તમ, રાયચંદ (કલવા) ● **સુજાપુર :** શ્રી મુલજી પુનશી લોડાયા (ભાંડુપ)

**શ્રી સમસ્ત લોડાયા પરિવાર કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની સમૂહ પહેડીમાં ભક્તિ / રાસ ગરબાની રમઝટ જમાવશે ''મનોજ કારાણી એન્ડ પાર્ટી તથા શાયદાબેન મીર''**

**શ્રી સચ્ચાઈ માં અને શ્રી સખત માં ના બધા સ્થાનના શ્રી ભુઆબાપા તથા શ્રી ભોઈમાને પહેડીમાં પધારવા આમંત્રણ.**

**શ્રી સમસ્ત લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી સમૂહ પહેડી આયોજક સમિતિ**

પ્રમુખ : **શ્રી પ્રવિણ હંશરાજ લોડાયા** (આરીખાણા - મુલુંડ)

ઉપપ્રમુખ : **શ્રી ગોંવિદજી લાલજી પટેલ** (સાંધવ - મુલુંડ), **શ્રી વિરચંદ નરશી લોડાયા** (રાપર - મુલુંડ)

માનદમંત્રી : **શ્રી વિપુલ ઠાકરશી પટેલ** (સાંધવ - મુલુંડ), **શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા** (નલિયા - મુલુંડ)

ખજાનચી : **શ્રી સંદીપ નવિનચંદ્ર લોડાયા** (સાંધવ - મુલુંડ), **શ્રી રમેશ મુરજી લોડાયા** (ભરૂડિયા - મુલુંડ)

**કારોબારી સભ્યો**

૧) શ્રી અરવિંદ રાયચંદ લોડાયા (દલતુંગી - ડોંબિવલી)
૨) શ્રી શરદ સોમચંદ લોડાયા (સાંધવ - ડોંબિવલી)
૩) શ્રી નિપેશ હિરાચંદ લોડાયા (બાંઢીયા - ઐરોલી)
૪) શ્રી ચતેન નલીનકાન્ત લોડાયા-પીર (સુથરી - ડોંબિવલી)
૫) શ્રી કિરીટ દામજી લોડાયા (બાંઢીયા - ભાંડુપ)
૬) શ્રી મુકેશ ભવાનજી લોડાયા (મોટી સિંધોડી - ડોંબિવલી)
૭) શ્રી પુનશી લધુભાઈ લોડાયા (રાપર - ઘાટકોપર)
૮) શ્રી અજીત માલશી લોડાયા (તેરા - મુલુંડ)
૯) શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા (મોટા ખાવડી - થાણા)
૧૦) શ્રી મનીષ ભવાનજી લોડાયા (વારાપધ્ધર - ચાલીશગામ)
૧૧) શ્રી વિરચંદ હીરજી લોડાયા (સુથરી - ડોંબિવલી)
૧૨) શ્રી પદમ લાલજી લોડાયા (વરાડીયા - ડોંબિવલી)
૧૩) શ્રી જતિન વિરેન્દ્ર લોડાયા (બાંઢીયા - અમદાવાદ)
૧૪) શ્રી પરેશ રાયચંદ લોડાયા (સાંધવ - મુલુંડ)
૧૫) શ્રી કિરીટ કુંવરજી લોડાયા (સાંયરા - ડોમ્બીવલી)
૧૬) શ્રી અરવિંદ લાલજી લોડાયા (વારાપધ્ધર)
૧૭) શ્રી વિજય વાલજી લોડાયા (સાંયરા - મુલુંડ)
૧૮) શ્રી પ્રકાશ માણેકજી લોડાયા (સાંધવ - થાણા)
૧૯) શ્રી વિજય મોતીલાલ લોડાયા (મોટી ખાવડી - ઘોટકોપર)
૨૦) શ્રી મનીષ રતિલાલ લોડાયા (મોટી ખોવડી - ડોંબિવલી)

**આરોગ્ય પ્રકાશ** ૯મા પાનાથી ચાલુ

**૫) ઈન્ટરસ્ટીસીઅલ લંગ ડીસીઝ :** શ્વાસમાં લીધેલ શુધ્ધ હવામાંને ઑક્સિજન ફેફસામાં રહેલ ઑક્સિજન દ્વારા શુધ્ધ લોહીમાં ભળી આખા શરીરને મળે છે અને અશુધ્ધઓ, કાર્બનડાયોક્સાઈડ ફેફસા દ્વારા ઉચ્છવાસ વાટે શરીરની બહાર ફેંકાય છે. આ બિમારીની ફેફસાની અંદર રહેલ કોષો - અલ્વીઓલાઈને નુકશાન થવાથી થાય છે. આ ક્રિયા એટલેકે લોહીમાંના ઑક્સિજન અને કાર્બનડાયોક્સાઈડ ની લેવડદેવડ બરાબર થતી નથી અને તેથી શ્વાસ રૂંધાય છે. આજકાલ આ બિમારી મોટી ઉંમરવાળા, વૃદ્ધોને બહુ થાય છે. એક પ્રકારની ફંગસ જે હવા દ્વારા ફેફસામાં જાય છે ત્યારે આ બિમારી લાગુ પડે છે. કબુતરની ચરકમાં આ ફંગસ હોય છે, તેથી કબૂતર અને તેની ચરકથી દૂર રહેવાની સાવધાની રાખવી જોઇએ.

**૫) ઝાડા, ઉલ્ટી, મરડો, કમળો ટાઈફોઈડ વગેરે :** આ સર્વ પાણીજન્ય રોગો છે. હોટલ, બહારના ખાદ્ય, બહારના પાણી અને શરબત ટાળો. ખુલ્લા રાખેલા કાપેલા ફળ ખાવાનું ટાળો પાણી ઉકાળીને કે એકવાગાર્ડ કે આર.આ. પ્લાન્ટ નું પાણી જ પીઓ. મરડાના સીસ્ટ તો પાણીને ૧૫ મિનિટ ઉકાળ્યા સિવાય ખલાસ નથી થતા. તેથી જ પાણી સહેજ ઉકળે એટલે તાપ બંદ ન કરતાં ૧૫ મિનિટ ઉકાળવું જોઇએ. ઘરમાં પણ ખાવાની ચીજો બરાબર ઢાંકીને રાખો જેથી માખી ખાવાની વસ્તુ પર બેસી આ રોગો ન ફેલાવે.

દ્રાક્ષ, ચીકુ, શફરજન, કાકડી વગેરે સ્વચ્છ પાણીથી ધોયા વગર એમ ને એમ ન ખાવા.

કમળો, ટાઈફોઈડ ન થાય એ માટેની રસીઓ લેવી હિતાવહ છે. કમળાના અમુક પ્રકાર લોહી દ્વારા ફેલાય છે માટે ટુથબ્રશ, દાઢીની બ્લેડ કે રેઝર બીજાના વાપરવા નહિં.

- ક્રમશઃ

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

|| શ્રી અનંતનાથાય નમઃ ||

**KDO**

અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

દ્વારા આયોજિત

## ખેલ કેડીઓ ખેલ




| પ્રતિયોગિતા શુભારંભ | પ્રતિયોગિતા સમાપ્તિ |
|---|---|
| શનિવાર, ૨૭.૦૫.૨૦૧૭ | રવિવાર, ૨૮.૦૫.૨૦૧૭ |

સ્થળ:કલ્યાણ ડોંબિવલી મ્યુનિશિપલ કોર્પોરેશન (KDMC) ગ્રાઉન્ડ ડોંબિવલી (ઇસ્ટ) - ૪૨૧ ૨૦૧.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા શ્રી અનંત કે.ડી.ઓ. ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. જ્ઞાતિના દરેક યુવાનો ખેલ ક્ષેત્રે જોડાવવા તેમજ ભાગ લેવા માટે મુંબઇ મહાજન આમંત્રણ પાઠવી રહ્યું છે.

ક્રિકેટ ટુર્નામેન્ટમાં માત્ર મુંબઇની જ ટીમો નહિં પણ સંપૂર્ણ ભારતવર્ષથી જ્ઞાતિની ટીમો ભાગ લઇ શકશે. ભાગ લેવા ફોર્મ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇની ઓફીસેથી પ્રાપ્ત કરી શકાશે. આ ૨(બે) દિવસીય ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૭.૦૫.૨૦૧૭ અને ૨૮.૦૫.૨૦૧૭ના ઉપરોક્ત સ્થળે યોજવામાં આવશે. પ્રથમ ૧૬ ટીમો વહેલા તે પહેલાના ધોરણે (બહારગામ થી આવનાર ટીમોને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે.) રૂા.૫,૦૦૦/- ભરીને નોંધણી કરવામાં આવશે. જેની નોંધ લેશોજી. બહારગામથી આવનાર ટીમોને રહેવાની તેમજ જમવાની સગવડ કરવામાં આવશે. બન્ને દિવસે સવારની ચા-નાસ્તા તેમજ બપોરના ભોજન અને ચા-બિસ્કીટની વ્યવસ્થા દરેક ટીમો અને આમંત્રિત મહેમાનો માટે રહેશે. રજીસ્ટ્રેશન ફીશ ભર્યા બાદ ટીમ કાયદેશર રીતે ભાગ લઇ શકશે.

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**

| શ્રી કલ્પેશ માણેકજી મોતા | શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા |
|---|---|
| મુંબઇ મહાજન-પ્રમુખ | ક્રિકેટ સ્પર્ધા - અધ્યક્ષ |

**નિમંત્રક**

| શ્રી સમીર શામજી દંડ | શ્રી દીપક ભવાનજી લોડાયા |
|---|---|
| 9819193743 | 9820821388 / 9323369994 |

મુંબઇ મહાજન ઓફીસ : 022-23448274

Form IV

(See rule 8)

Statement about ownership and other particulars about CDO PRAKASH SAMIKSHA.

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | C/o. Raichand R.Nagda, 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 2. Periodicity of publication | : | Weekly |
| 3. Printer's Name | : | Smt. Damayanti Dashrath Rajbhar Partner, The New Millenium Printers |
| Nationallty | : | Indian |
| Address | : | The New Millenium Printers, 314, Mathurdas Mill Compound, N.M.Joshi Marg, Lower Parel, Mumbai - 400 013 |
| 4. Publisher's Name | : | Raichand R.Nagda. |
| Nationality | : | Indian |
| Address | : | 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 5. Editor's Name | : | Raichand R.Nagda. |
| Nationality | : | Indian |
| Address | : | 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 6. Name & Address of Owner | : | C.D.O.PRAKASH SAMIKSHA SAMITI C/o. Raichand R.Nagda,13-A, 29/41,Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |

I, Raichand R.Nagda, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 17-03-2017

sd/-

Raichand R.Nagda.

Signature of Publisher

# તોરણ

- નાનાભાઈ હ. જેબલિયા



'ઓહો! આવો, આવો, ભાભી!' જશુભાભીને જોઈને હીરાલાલ અરધા થઈ ગયા, 'મને ખબર હતી કે જશુભાભી આવશે જ' હીરાલાલે હાથમાં રાખેલાં સૂડી-સોપારી, ઝૂલા પર રાખેલી ચાંદીની નકશીદાર પાનપેટીમાં મૂકી અને આછું, આત્મીયતાભર્યું હસીને ઝૂલાને પગનો હળવો ઠેલો માર્યો. ઝૂલાની મૂલ્યવાન સાંકળોનાં મોર, પોપટ, હાથી, ઘોડા ખણખણી ઊઠ્યાં. હીરાલાલ વળી પ્રસન્ન થયા, 'બેસો ભાભી!'

જશુબહેનને આનંદ થયો. સૂર્ય ઈન્ડસ્ટ્રીઝના કરોડપતિ એવા હીરાલાલ ખુદ ઊભા થયા અને જશુભાભી માટે પાણીનો ગ્લાસ લઈ આવ્યા. જશુબહેન રળિયાત થઈ ગયાં. એમણે વિચાર્યું કે દુનિયા ગમે તે બોલે, બાકી હીરાલાલ અમારા કુટુંબ માટે હીરો જ છે. આટલો બધો પૈસો છતાં નોકરને બદલે ખુદ પાણી ભરવા ઊભા થયા! અમારા કુટુંબ માટે કેટલો આદર! કેવી મમતા!

આટલો વૈભવ હોવા છતાં હજી પણ એમની માયા એવી ને એવી જ છે. નસીબ હશે તો નિલાનાં લગ્ન સુંદર રીતે ઉજવાશે. એના હીરાકાકા છે ને! નિલાનાં લગ્નનાં કપડાં, દાગીના અને ચીજવસ્તુઓ હીરાભાઈ તરફથી જ થઈ જશે. હું નિલાના લગ્નની વાત કરીશ એટલે હીરાલાલ કુમળાઈ જશે અને કહેશે કે 'આનંદ કરો ભાભી! નિલા મારી પુત્રી છે. મારા પરમ મિત્ર રમણભાઈની પુત્રીના લગ્નમાં હું કચાશ રાખીશ? વાત કરો મા ભાભી! મારે તો બધો પ્રતાપ મારા એ દિવંગત મિત્રનો. એની સલાહથી હું મુંબઈ આવ્યો. એણે બતાવેલો બિઝનેસ કર્યો અને એની જ ભલામણથી મને મોટા મોટા માણસોનો સાથ મળ્યો. મારી ઈન્ડસ્ટ્રી આજે ધમધમે છે.... શું કહું ભાભી? ભગવાને ઘણો પૈસો આપ્યો છે. અત્યારે કરોડપતિ છું પણ, અફસોસ એ વાતનો છે કે મારા મિત્ર આજે હાજર નથી. જો થોડાં વરસ જીવ્યા હોત તો મારી રખાવટ એ જોઈ શકત પણ....'

'ચાલ્યા કરે, ભાઈ!' જશુબહેન મનોમન ગળગળાં થયાં, 'હરિનાં હાથની વાત. તમે અમારું આમ તો ખૂબ રાખ્યું છે. આજે મારા બે દીકરા અને દીકરી નિલા, સૌ કોલેજ સુધી ભણી શક્યાં એમાં તમારી મદદ વગેરે અમને મળ્યાં જ છે ભાઈ!' પળ અટકીને જશુબહેને ઉમેર્યું, 'અને હીરાભાઈ! હવે તો મારું નાવડું ઢબઢબી ને કાંઠે આવ્યું છે. નિલા નોકરી કરે છે. જમાઈ પણ નોકરીમાં છે. મારો આ પ્રથમ પ્રસંગ છે. સૌ હાથ હાથ કરશે તો મારા બે પુત્રોનાં લગ્ન પણ આ પછી થઈ જશે.'

'બેસો, હું આવ્યો' કહીને હીરાલાલ જશુભાભીના આગમનના સમાચાર આપવા અંદર ગયા. જશુબહેનની વિચારતંદ્રા તૂટી. તેઓએ હીરાલાલના વૈભવથી ઝળઝળતા આખા ખંડમાં નજર ફેરવી.

'બા, વૈભવી માણસોને તું ઓળખતી નથી.' જશુબહેન ઘેરથી નીકળ્યાં ત્યારે પુત્રીએ એને સાવધાન કરેલાં, 'આપણી પાસે પૈસા નથી એ બરાબર પણ એથી કરીને આપણે કાંઈ ભિખારી નથી.... હીરાકાકા પાસેથી પૈસા વ્યાજે લાવજે. અમે ચૂકવી દઈશું.'

*ઝાડ, તને છાંયે બેઠેલો એક માણસ ગમે કે છાંયે બેઠેલી એક ગાય?*
*સાંજ પડ્યે પંખી જો પાછું ન આવે તો પાંદડાંમાં ડૂમો ભરાય?*
*છોડ્યું ના છૂટે વળગણ?*

'એવુંય શું કામ ?' નિલાનો ભાઈ શ્રેણિક બોલ્યો, 'બા પાસે આઠ દસ તોલા સોનું છે એ લેતી જાય. ગીરો મૂકીને રૂપિયા લઈ લેવાના. દાગીના હું છોડાવી લઈશ. મારી તો ભલામણ છે કે હીરાકાકાને જ દાગીના પર નાણાં આપવાની ભલામણ કરવી એટલે એમની મૂંઝવણ મટે.'

'જો શ્રેણિક!' પુત્રના માથા પર હાથ મૂકીને જશુબહેન બોલ્યાં, 'હીરાકાકા એવું કરવા ન દીસે. તારા પિતાના પ્રતાપે એ કરોડપતિ બન્યા છે. ભાઈબંધની પુત્રીને એ બધું જ આપશે, એનેય સમાજની વાહ વાહ મળે ને!'

'ના.... બા!' નિલા બોલી, 'તને ત્યારે નવા જમાનાની બદલાયેલી હવાની ખબર જ નથી. ઉપકાર, રખાવટ, માયા, મમતાનાં મૂલ્યો બદલાઈ ચૂકયાં છે. જે માણસ પૈસાદાર થાય છે એ આખેઆખો નક્કર થઈ જાય છે. એનામાં પ્રેમ, દયા, કરુણા, રખાવટ જેવી વસ્તુઓ સમાઈ શકતી નથી. આ બધા માટે માણસમાં થોડુંક પોલાણ જોઈએ. પૈસાદારોમાં આવાં પોલાણ હોતાં જ નથી. માટે સો વાતની એક વાત, તું દાગીના લઈને જ જા. જે વાત કરવાની એ દાગીના ઉપર જ કરવાની.'

'ઓહ! દાગીના ગીરો મૂકી દઉં, પછી ?' અત્યારે હીરાલાલના ખંડમાં બેઠેલાં જશુબહેન મનોમન વલોવાતાં હતાં. હજી તો બંને પુત્રોનાં લગ્ન બાકી છે. બે લગ્નનો સાધારણ ખર્ચ પણ એક લાખ થાય, આ પછી વાલની વીંટી પણ ઘરમાં નથી રહેતી!

'બેટા!' જશુબહેને શ્રેણિકને વાર્યો હતો, 'તું એક વાર મને હીરાકાકા પાસે તો જવા દે. છેવટે, તારા પિતાના એ મિત્રને નિમંત્રણ આપવા મારે પોતાને જવું જોઈએ.'

'હા... જા બા....' પુત્રી નિલાએ બાને વળી પાછી સાવધાન કરી હતી, 'પણ હીરાકાકા પાસે આપણે કોઈ ગરીબી ન ગાવી. એમને તારે પ્રથમથી જ કહેવું કે હીરાભાઈ! મારે તો દાગીના ઉપર જ પૈસા જોઈએ... અને એક કાંકરે બે પક્ષી મરશે.' નિલા હસી પડી, 'જો હીરાકાકા આપણને મદદ કરવા ઈચ્છતા હશે તો દાગીના નહીં માગે. અને જો માગે તો તું સમજી લેજે કે મારા પિતાની ગાઢ મૈત્રીને એમણે ઈન્ડસ્ટ્રીની ભઠ્ઠીમાં નાખીને ઓગાળી નાખી છે. અને એવા માણસ પાસે પછી લાગણીવેડા કરવાની જરૂર નથી.'

'નિલા કેટલી બુદ્ધિશાળી છોકરી છે!' જશુબહેન હીરાલાલના ખંડમાં બેઠાં બેઠાં મનોમન ગર્વ લઈ રહ્યાં હતાં, 'ચતુર પણ કેવી!'

આમ જશુબહેન ઘરેણાંની પોટલી લઈને હીરાલાલને બંગલે પહોંચ્યાં, હીરાલાલે સાચા દિલનો ઉમળકો ભરીને સુંદર આવકાર આપ્યો. અરે, નોકર ચાકર હોવા છતાં ખુદ પાણીનો ગ્લાસ લઈ આવ્યા. એ માણસે મૈત્રીનું ઝરણું હજુ પણ ખળખળતું રાખ્યું છે! હીરાલાલ ખંડમાં આવ્યા એટલે જશુબહેને ખુશી સમાચાર આપ્યા,

'મારી નિલાનાં લગ્ન છે, હીરાભાઈ.'

'મને ખબર છે ભાભી' હીરાલાલ માયાળુ હસ્યા, 'તમારાં સંતાનોના શુભ પ્રસંગો મારી નજરમાં જ હોય ને!' જશુબહેન મનોમન ઉલ્લાસી ઊઠ્યાં. આવા હીરાભાઈ મારા દાગીના ગીરે મૂકવા દેશે ? ન જ બને.

'હીરાભાઈ! તમારા મિત્રના ગામતરા પછી મારે ત્યાં આ પ્રથમ જ શુભ પ્રસંગ છે.'

'જુઓ ભાભી! જરાય ઓશિયાળાં ન બનશો... નાના...! હું એવું ઈચ્છું પણ નહીં. મારા મિત્રનાં પત્નીની ખુમારી અને ગૌરવ અકબંધ રહેવા જોઈએ.' જશુબહેન ભાવસ્થ બની ગયાં. પતિના એક સાચા મિત્રની ગરવાઈને અહોભાવથી સંવેદી રહ્યાં.

'જુઓ ભાઈ,' પળ પછી સ્વસ્થ બનીને જશુબહેન બોલ્યાં, 'હું શું કામે ઓશિયાળી થાઉં ? દસ તોલા સોનું લઈને આવી છું. એના પર પચ્ચીસ-ત્રીસ હજાર

*ઝાડ તને મારા સોગંદ, સાચું કહેજે એક પંખીની જેમ કદી ઊડવાનું થાય તને મન ?*
*સાચું કહેજે એક પંખીની જેમ હવે ઊડવાનું થાય તને મન ? ઝાડ તને મારા સોગંદ.*
*- હિતેન આનંદપરા*

લઈ લેશું. વહેવાર તો કોડીનો હીરાભાઈ!' અને જશુબહેને દાગીનાની પોટલી હીરાલાલના પગ પાસે મૂકી, 'આના ઉપર જ.'

'હા બરાબર... બરાબર!' દાગીનાની પોટલી હાથમાં લઈને હીરાલાલ બોલ્યા, 'આના ઉપર આપણને એટલી રકમ તો રમતાં રમતાં મળી જશે.' પોટલી લઈને હીરાલાલ બાજુના રૂમમાં ફોન કરવા ગયા. દશેક મિનિટમાં વેપારી જેવો લાગતો એક માણસ આવ્યો. દાગીના જોયા-તપાસ્યા અને પચ્ચીસ હજાર આપીને દાગીના લઈ ગયો.

રૂપિયા લઈને જશુબહેન ઘેર આવ્યાં. ત્યારે આંસુથી લગભગ નાહી ઊઠ્યાં. સંતાનોને કહ્યું, 'બેટા! હીરાકાકાએ આપણું રજભાર ન રાખ્યું. અરેરે! મારાં પાલવડાં ગયાં.'

'બા, રડ નહીં' શ્રેણિક બોલ્યો, 'અમે બે ભાઈ, તારા બે લાખના બેરર-ચેક છીએ. પછી મૂંઝાશ શાની?' પણ જશુબહેનનાં આંસુ સુકાયાં નહીં. આડોશપડોશ અને સગાં-સંબંધીઓએ જશુબહેન પાસે આક્રોશ ઠાલવ્યો કે, ફટ્ય કહેવાય હીરાલાલને...! રમણભાઈનો જિગરી મિત્ર, એક કાવડિયે પણ કામ ન લાગ્યો. દાગીના ઉપર પૈસા આપ્યા....?!

જાન આવી ગઈ. ઉતારો અપાઈ ગયો. વરઘોડો પણ માંડવે આવી ગયો અને 'કન્યા પધરાવો સાવધાન' નો ગોર મહારાજનો આદેશ સંભળાયો કે એ જ વેળા ચોકલેટ કલરની એક કાર જશુબહેનને દરવાજે આવીને ઊભી રહી. ઝડપથી બારી ખૂલી અને એટલી જ ઝડપથી હીરાલાલ બહાર આવ્યા.

'ભાભી!' ઓશરીમાં પગ મૂકીને હીરાલાલે જશુબહેનને કહ્યું, 'નિલાને બોલાવતાં આવો એક મિનિટ!' અને હીરાલાલ અંદરના રૂમના એકાંતમાં જઈને ઊભા રહ્યા, નિલાની વાટે. લગ્નોત્સુતા નિલાએ ભારે મને કાકાને નમસ્કાર કર્યા. હીરાલાલે દાગીનાની પોટલી નિલાને આપી.

'લે બેટા! તારી બાને આ પાછી આપી દે.'

'શા માટે કાકા?'નિલાના ગળામાં રોષના ત્રસકા હતા, 'અમે કોઈનાં ઓશિયાળાં બનવા નથી માગતાં કાકા!'

'નિલા, બેટા! તું મને શીખવીશ?' હીરાલાલ ભાવ છલકતા અંતરે બોલ્યા, 'તમે કોઈનાં ઓશિયાળાં નથી એ હું જ સિદ્ધ કરવા માગતો હતો. અને સમાજને પણ એ બતાવવા માગતો હતો. તે બતાવાઈ ગયું.' નિલા આશ્ચર્યથી કાકાને જોઈ રહી.

'નિલા! એ વેળાએ મેં પૈસા આપીને મદદ કરી હોત તો તમે સૌ ઓશિયાળાં દેખાત. લોકો વાત કરત કે, હીરાલાલના પૈસાથી રમણલાલની દીકરી પરણી! બિચ્ચારાંની કેવી હાલત! પણ નિલા! હું મારા દિવંગત મિત્રને ગરીબ દેખાડવા માગતો નહોતો. હું બેઠો છું અને તમે સૌ ઓશિયાળાં સાબિત થાઓ! મારે તો સમાજ પાસે એ જ બોલાવવું હતું કે રમણલાલના જિગરી ભાઈબંધ હીરાલાલ, પાણીમાં બેસી ગયો અને એક પાઈની મદદ કરી નહીં. ફટ્ય છે હીરાલાલને. બસ, મારે એ જ કામ હતું. મારી કીર્તિ માટે, મારા મિત્રના કુટુંબની ખુમારી મારે આંચકવી નહોતી.'

જશુબહેન રડી પડ્યાં, 'ભાઈ, મેં તો તમને નગુણા ધારી લીધા'તા.'

'ભાભી, મારે નગુણા જ દેખાવું હતું.' ખડખડાટ હસીને હીરાલાલે પગ ઉપાડ્યો અને ઉમેર્યું, 'સમાજની નજરે મને એવો જ રહેવા દેજ્યો ભાભી! આ વાત ખાનગી ન રાખો તો તમને તમારા આ દિયરના સોગંદ છે.' અને નિલાએ પ્રફુલ્લ ચહેરે માંડવામાં પગ મૂક્યો ત્યારે માંડવા પક્ષની છોકરીઓ ગાતી હતી....

'વાદલડી વરસી રે.... સરોવર છલ્લી વળ્યાં...'

* * *

*પૂર્ણ સંતોષી છું બેડો પાર લાગે છે,*
*એક બે છાંટાય મને મુશળધાર લાગે છે.*

# હા, દોસ્તી નથી તો દુશ્મની પણ ક્યાં છે?

-કૃષ્ણકાંત ઉનડકટ

માણસ સંબંધ વગર જીવી શકતો નથી. સમાજ એ સંબંધોનો જ સમૂહ છે. સંબંધ 'સ્કેલ'થી મપાતા નથી. સંબંધ સ્નેહથી સચવાતા હોય છે. તમારા સંબંધોનું વર્તુળ કેવડું છે? કેટલાક સંબંધો અત્યંત અંગત હોય છે. અમુક સંબંધો કામ પૂરતા મર્યાદિત હોય છે. થોડાક સંબંધો સ્વાર્થ પૂરતા પણ હોય છે. કેટલાક સંબંધો બસ હોય છે. દરેક સંબંધને નામ હોય જ એવું જરૂરી નથી. કેટલાક સંબંધો 'બેનામી' કે 'અનામી' હોય છે. એ સંબંધો થોડોક સમય પૂરતા જ હોય છે, પણ હોય છે ત્યારે સજીવન હોય છે. કરિયાણાની દુકાનના વેપારી સાથેના સંબંધને તમે શું નામ આપશો? વાળ કાપી આપતા હેર ડ્રેસર સાથેના સંબંધનું કોઈ નામ હોય છે ખરું? ઉપરથી નીચે અને નીચેથી ઉપર લઈ જતો લિફ્ટમેન, આવતી અને જતી વખતે ગેટ ખોલીને સલામ ઠોકતો વોચમેન, દૂધવાળા, શાકવાળા કે અખબારવાળા વ્યક્તિ સાથેનો સંબંધ ભલે થોડીક ક્ષણોનો હોય, પણ એ હોય છે. આપણે ક્યારેય એ સંબંધને માર્ક કરીએ છીએ? એ સંબંધને જીવીએ છીએ?

આપણા ઘરે કામ કરવા આવતી બાઈ, ભાઈ, રામો કે ઘરઘાટી એક દિવસ ન આવે તો તરત જ એની ગેરહાજરી વર્તાય છે, પણ એ હોય ત્યારે આપણે એની હાજરીની નોંધ લઈએ છીએ ખરા? નાના નાના સંબંધો જીવવા અઘરા હોતા નથી, એ વાત જુદી છે કે આપણે એવું કરતાં નથી. કોઈની સાથે થોડુંક હસી દઈએ, કોઈના ખબર પૂછી લઈએ કે કોઈને શાબાશી આપી દઈએ તો શું ફેર પડી જવાનો છે? આપણા નાનકડા વર્તનથી સામેની વ્યક્તિને કેટલો બધો ફરક પડતો હોય છે, તેનો આપણને અંદાજ નથી હોતો.

એક લક્ઝરી બસમાં એક નાનકડી બેબી તેનાં માતા-પિતા સાથે ટ્રાવેલ કરતી હતી. જ્યાં પહોંચવાનું હતું એ શહેર આવી ગયું એટલે ત્રણેય



બસમાંથી ઊતર્યાં. બાળકી થોડી દૂર બસના ડ્રાઈવર પાસે ગઈ. ડ્રાઈવરને કહ્યું કે, 'અંકલ' તમે બહુ જ સરસ રીતે બસ ચલાવી. મને તો ખબર જ ન પડી કે ક્યારે અમે પહોંચી ગયા. ડ્રાઈવરની આંખો ભીની થઈ ગઈ. તેણે પોતાના થેલામાંથી ચોકલેટ કાઢીને એ બેબીને આપી. એ ચોકલેટ તેણે પોતાની દીકરી માટે ખરીદી હતી. તેણે કહ્યું, થેંક્યૂ દીકરા, બસ ચલાવવામાં ક્યારેક કોઈ ભૂલ થઈ ગઈ હોય ત્યારે અનેક લોકોએ મને ખખડાવ્યો છે, પણ તારી જેમ ક્યારેય કોઈએ કહ્યું નથી કે તમે બસ સરસ રીતે હંકારી.

દરરોજ આપણે કેટલા લોકોની નજીકથી પસાર થતાં હોઈએ છીએ? એમાંથી આપણે કેટલાં લોકોનાં દિલ પર કોઈ છાપ છોડી જઈએ છીએ? સ્માઈલિંગ ફેસ એ સજીવન હોવાનો ઉત્કૃષ્ટ પુરાવો છે. સાંત્વનાભર્યા શબ્દો એ સંવેદનાની શ્રેષ્ઠ નિશાની છે. આપણે કોઈને તાકાત, હિંમત અને હૂંફ આપી શકવા સમર્થ છીએ. એ વાત જુદી છે કે આપણે આપણી આ શક્તિઓથી જ અપરિચિત હોઈએ છીએ. મોઢું ચડાવીને ફરવાથી કે ચહેરા પર મણ મણનો ભાર લઈને જીવવાનો કોઈ અર્થ હોતો નથી. આપણે બસ આપણી શક્તિઓને સાત્ત્વિક રાખવાની હોય છે.

*જીતવામાં ક્યાં હવે કૈં સાર લાગે છે,*
*સાવ સાચો તર્ક પણ તકરાર લાગે છે.*

એક શેઠ હતા. કંઈક સારું થાય ત્યારે એ દાન કરતા. બાળકોને ખુશ કરવાનું તેમને ગમતું. ઘણી વખત આપણે સારું કરતા હોતા નથી, પણ સારું કર્યું એવું મન મનાવતા હોઈએ છીએ. એ શેઠ પોતે કંઈ ન કરતા, પણ તેમના કર્મચારીને રૂપિયા આપીને કહેતા કે જાવ ગરીબ બાળકોને નવાં કપડાં લઈ આપો. એક વખત તેણે એવું કામ તેના એક કર્મચારીને સોંપ્યું. એ કર્મચારી એક ગરીબ પતિ-પત્ની અને તેના બાળકને લઈ મોલમાં કપડાં લેવા ગયો. બાળક સાથે કપડાં ખરીદવાનો રોમાંચ તેના ચહેરા પર હતો. બાળકની એક એક ખુશી એ ફીલ કરતો હતો.

ખરીદી પતી ગઈ અને જૂદાં પડતાં હતાં ત્યારે બાળકના માતા-પિતાએ કહ્યું, તમારો ખૂબ ખૂબ આભાર ભાઈ. આ વાત સાંભળીને પેલા કર્મચારીએ કહ્યું, હું તો માત્ર કપડાં અપાવવા આવ્યો છું. રૂપિયા તો શેઠે આપ્યા છે. બાળકની માતાએ કહ્યું, રૂપિયા ભલે શેઠે આપ્યા હોય, પણ રોમાંચ તો તમારો હતોને ? નાણાં શેઠનાં હતાં, પણ નજાકત તો તમારી હતીને ? ઘણી વખત આપણે નિમિત્ત હોઈએ છીએ, પણ એમાં જો ચિત્ત હોય તો અવસર તમારો થઈ જતો હોય છે. મારા દીકરાને તો તમારો ચહેરો જ યાદ રહી જવાનો છે. શેઠના રૂપિયા નહીં !

તમે કોઈને પણ મળો ત્યારે ખુલ્લા દિલે મળો છો ? એક યુવાન બધા સાથે બહુજ સારી રીતે રહેતો હતો. તેના મિત્રએ એક વખત તેને કહ્યું કે, તું તો બધાને એવી રીતે મળે છે, જાણે તારી એની સાથે દોસ્તી ન હોય ! આ વાત સાંભળી યુવાને કહ્યું કે, હા, દોસ્તી કદાચ નથી, પણ દુશ્મનીય ક્યાં છે ? મને એટલી ખબર છે કે હું જેને મળું છું એ માણસ છે. મારા જેવો જ માણસ. માણસ માણસ હોય છે અને માણસ સાથે માણસની જેમ વર્તવું એ જ માણસાઈ છે. દોસ્તી કે દુશ્મની સિવાયના સંબંધો પણ હોય છે. આપણને ખબર નથી હોતી. ટ્રેનમાં કે બસમાં અપડાઉન કરતી વખતે કેટલા બધા ચહેરાઓ દરરોજ આપણી સામે આવતા હોય છે ?

એક યુવાન હતો. નોકરી માટે તે પોતાના શહેરથી બીજા શહેરમાં જવા માટે ટ્રેનમાં અપડાઉન કરતો. તેની સાથે ઘણા યંગસ્ટર્સ અપડાઉન કરતા હતા. થોડાક સાથે તેની દોસ્તી થઈ ગઈ. ટ્રેનની સફર પૂરતો જ આ સંબંધ હતો. સ્ટેશન આવે અને બધા છૂટા પડી જતા. ધીમે ધીમે એ યુવાનને પ્રમોશન મળતાં ગયાં. હવે એ ખૂબ આગળ વધી ગયો હતો. એક સમય એવો આવ્યો કે એ પ્લેનમાં અપડાઉન કરવા લાગ્યો. એક સમયે ટ્રેનમાં અપડાઉન કરનારો સફરનો સંગાથી તેને મળી ગયો. અપડાઉનની મજા વિશે વાતો થઈ. છૂટા પડતી વખતે યુવાને કહ્યું કે, હવે પ્લેનમાં અપડાઉન કરું છું. બીજા પણ એવા લોકો છે જે પ્લેનમાં અપડાઉન કરે છે, પણ એની સાથે તમારા જેવી દોસ્તી નથી. કદાચ એ 'મોટા' માણસો છે ! પોતાને મોટા માનનારા ઘણી વખત બહુ નાના હોય છે.

સંબંધ સદીનો હોય કે ક્ષણોનો, એ સજીવન અને સશક્ત હોવો જોઈએ. કોઈનું દિલ જીતવા માટે થોડાક શબ્દો અને થોડાક સ્માઈલની જ જરૂર હોય છે. હોદ્દા, સ્થાન કે મોભાનું વજન ઘણી વખત આપણને ભારે બનાવી દેતું હોય છે. સંબંધોની કોઈ બાઉન્ડ્રી હોતી નથી. સંબંધોનું વર્તુળ તો જેટલું વિસ્તારવું હોય એટલું વિસ્તરી શકે. એના માટે કોઈ વિશેષ પ્રયાસની જરૂર હોતી નથી. આપણે બસ જ્યાં હાજર હોઈએ ત્યાં આપણી હાજરી હોવી જોઈએ. આપણે હાજર હોઈએ છીએ, પણ મોજૂદ હોતા નથી. આપણી ગેરહાજરી હોય છે. ઘણી વખત આપણી ગેરહાજરીથી પણ કોઈને ફેર પડતો હોતો નથી. હા, આપણી હાજરીથી ચોક્કસ ફેર પડતો હોય છે. જિંદગી જીવવાની મજા આવે એટલી હળવાશ પણ જરૂરી છે. હળવાશને ઘણી વખત આપણે જ સમેટીને કોઈ છાના ખૂણે સંઘરી રાખી હોય છે. જેને પણ મળો, જેટલા સમય માટે મળો અને જ્યાં પણ મળો એને દિલથી મળો, તમને પોતાને જ એવું ફીલ થશે કે હળવાશમાં જ જિંદગીની મીઠાશ છે.

**છેલ્લો સીન :** આપણું હાસ્ય આપણી હયાતીની નિશાની છે. આખી જિંદગી 'હયાત' રહેવાનું બહુ ઓછાને આવડતું હોય છે.

* * *

*કેવી નોખી આપે છે લજ્જત આ અણિયાળી મહેક,*
*કંટકો પણ પુષ્પનો પરિવાર લાગે છે.*
*- શોભિત દેસાઈ*

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સાંયરા સમાચાર

**સાંયરામાં** સ્વ. અ.સૌ. હંસાબેન પ્રેમચંદ મોમાયા ગામ સાંયરા હાલ વારાપધરવાલાની છઠ્ઠી પૂણ્યતીથી નિમિત્તે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. જેમાં તબલચી મણીલાલભાઈ સાંયરાવાલા ઈશ્વરભાઈ દ્વારા પ્રેમચંદ મોમાયા, કબીરા મોમાયા, ભરતભાઈ નાગડા તથા પ્રેમચંદભાઈ મોમાયા ચામર નૃત્ય કરેલ તથા જયાબાઈ વિકમશી અને ચંપાબેને પૂજામાં ઔર રમઝટ બજાવેલ.

### નલીનપુર નારી નિગમ તીથલ યાત્રા પ્રવાસ

નલીનપુર નારી નિગમ સંસ્થાના ઉપક્રમે તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના તીથલ યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તીથલ શાંતિ નિકેતનમાં સુંદર રમણીય વાતાવરણમાં રહ્યા દેરાસરમાં ભગવાન, અદ્‌ભૂત પેઈન્ટીંગ્સ દ્વારા જૈન તીર્થોનું મ્યુઝીયમ, તીથલનો દરિયા કિનારો અને સ્વામી નારાયણ મંદિર તેમજ ઉમરગામમાં આવેલી 'બેડેકર' આચાર અને મસાલાની ફેક્ટરીની મુલાકાત લીધી.

### ભાંડુપ સમાચાર

દાદા દરબારે ફાગણી તેરસ : પ.પૂ. સા. શ્રી ધર્મગુણાશ્રીજી મ.સા. સા.શ્રી વંદનગુણાશ્રીજી મ.સા. અને પૂ.સા. શ્રી વિમલાકિરણાશ્રીજી મ.સા. ની પુનીત નિશ્રામાં આદેશ્વરજી દાદા દરબારના રંગ મંડપમાં શત્રુંજય તીર્થના મોટા પટ સમક્ષ ફા. શુ. ૧૩ ના સા.શ્રી. ધર્મગુણાશ્રીજી મ.સા. એ જપ તળેટી થી ભાડવાના ડુંગર સુધી ભાવપૂર્ણ છ'ગાઉની યાત્રા કરાવી. પૂર્ણાહૂતીએ શ્રાવિકા શશીકલા શ્રીકાંત ધરમશીએ નવકારશી કરાવી.

ક્ષેત્રપાલ દાદાની પહેડી : ભાંડુપ ક્ષેત્રના સંરક્ષણ દેવ ક્ષેત્રપાલ દાદાની સામુદાયીક વાર્ષિક પહેડી ફાગણી પૂનમે કરતાં સંખ્યાબંધ ભક્તો પહેડી પ્રસાદે હાજર રહ્યા હતા.

ભાજપના નવા ચૂંટાયેલા નગરસેવિકા સાક્ષી દિપક દળવીએ સજોડે પ્રસાદ ધરાવ્યો. કિર્તીભાઈ ફરસાણવાલાએ લાડુના થાળ ધરાવ્યા.

નવકાર મંત્રનો ૪૦ મો મણકો વિશાળ સંખ્યામાં પૂર્ણ થયો.

### વરાડીયામાં હાજીપીર બાબાનો મેળો

વરાડીયામાં હાજીપીર દરગાહમાં રવિવાર, તા. ૧૬-૪-૨૦૧૭ ના બપોરના ૩.૦૦ વાગે વાજતે ગાજતે બાબાને ચાદર ચડાવવામાં આવશે. દરગાહ પર ૫ થી ૭ કોકીલ કંઠી ''સંગીતાબેન'' જાડેજા એન્ડ પાર્ટી સંગાથે દર્ગામાં રાસ ગરબાનું પ્રોગ્રામ રાખેલ છે. રાતના ૧૦ વાગ્યા થી કચ્છ કાકીયાવાળનાં કલાકારો સંગાથે ભજન, લોકગીત, ડાયરો તથા કાફી કવ્વાલી.

સોમવાર, તા. ૧૭-૪-૨૦૧૭ ના સવારના હાજીપીર બાબાને સલામ અને બપોરનાં ૨.૩૦ થી કચ્છનાં મઢલી કલાકારો દ્વારા બખ-મલાખડાનો પ્રોગામ રાખેલ છે.

આયોજન સહભાગી શ્રી વરાડીયા જૈન સંઘ મંડળ (મુંબઈ) અને રાજુ ઢોલીએ સૌને લાભ લેવા વિનંતી કરી છે.

**શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ** – ત્રીજા પાનેથી ચાલુ

શ્રીમતી જૈનાબેન છેડાએ ગરમીની ઋતુમાં ઉપયોગી સરબતો બનાવવાની રીત શીખવી તેમણે આરોગ્ય જાળવવા તથા વજન ઘટવવાના નુસખા પણ શીખવ્યા. રાત્રે લીડરશીપ ગેમ્સ અને ગરબા બીજે દિવસે નવગ્રહ મંદિર અને તોપદળ સંગ્રહાલય બતાવવામાં આવ્યા. નાસિક ખાતે જ્ઞાતિના જાણીતા ઉદ્યોગપતિ સી.એમ. શાહની એમઆઈટીસી રોલીંગ ફેક્ટરીની મુલાકાત વખતે ત્યાં ઢળાયેલી આદેશ્વર દાદાની ૧૦૦૦૦ કિલોની વિવિધ ધાતુઓની મૂર્તિના દર્શનનો દુર્લભ લાભ મળ્યો.

આ આયોજન માટે મુખ્ય દાતાશ્રી રૂપે શ્રી સીએમ શાહ તથા શ્રીમતી દમયંતીબેન શાહ અને શ્રીમતી મધુરીબેન મહેન્દ્ર ડાઘાને તેમજ સહયોગી દાતા રૂપે સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ, ડૉ. મીરા દેવચંદ ધરમશી, માતુશ્રી

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પોતાની લગનથી સંગીત ક્ષેત્રે અને તે પણ બોલીવુડમાં ઑકેસ્ટ્રા ઑરગનાઈઝર તરીકે અનોખું સ્થાન પ્રાપ્ત કરવા બદલ શ્રી જંયતિલાલ ગોસર (બાયઠ-અંધેરી)ને કચ્છી પ્રતિભાવંતોને અપાતો શ્રીમતી તારાબેન વિશનજી હરશી ગાલા ઍવોર્ડ મેળવા માટે ખૂબ ખૂબ અભિનંદન...
– ચિમન મોતા • તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

નવલબેન મણિલાલ દંડ પરિવાર, કુ. ખુશાલી પ્રશાબીપીન નાગડા, શ્રી કિરિટભાઈ, લક્ષ્મીચંદ લાપસીયાનો સહકાર સાંપડ્યો હતો.

આયોજનને સફળ બનાવવા પ્રમુખ તેજસ મહેન્દ્ર ખોના તથા સેક્રેટરી હેમલ જયેશ દંડ નેતૃત્વમાં ઉપપ્રમુખ ઉવેશ છેડા, સહમાનદ્ મંત્રીઓ શુભમ લાપસીયા અને કુ. મિત્તલ ધમરશી, માન ખજાનચી અર્પણ ખોના તથા સહ ખજાનચી અંકિત લોડાયા, અને બીના મૈશેરી કમિટી સભ્યો એકતા લોડાયા, રિષભ મોતા, જયનિશ ધરમશી તેમજ સંપર્ક સૂત્રો લબ્ધિ લોડાયા, સાક્ષી મોતા, અરૂષી શિઆડ, દિવેશ લોડાયા, રાજ જીવાણી અને નિરવ મોતાએ જહેમત લીધી હતી.

**અભિનંદન સહ અનુરોધ**

સી.એ શ્રી નિલેશ શીવજી વિકમશીને વિનંતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોના સર્વોચ્ચ સંગઠનના પ્રેસીડેન્ટ થવા નિમિત્તે અભિનંદન. ખાસ વિનંતી કરવાની કે જ્ઞાતિના વિદ્યાર્થીઓ સી.એ. કોર્સ માટે તનતોડ મહેનત કરે છે. અખિલ ભારતીય ક્ષેત્રે નામના કર તે માટે ઉપયોગી સૂચનો અને સલાહ પૂરી પાડવા વિનંતી.

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ


|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ ||  || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

**ગાંધીધામ – કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર**

**ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન**

સંપર્કઃ **શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ** (દંડ), બાયઠવાળા

**099798 55686**


**ભૂલ સુધાર**

**પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.** આદિઠાણાનું સંવત ૨૦૭૨ ચાતુર્માસનું યાદગાર સંભારણું પુસ્તિકામાં પાના નં. ૩૬ ઉપર ક્રમાંક ૨૧ પર **શ્રી હેમંત ગોવિંદજી અજાણી, શ્રી ક.દ.ઓ. જૈન મહાજન-કોઠારા**ના પ્રમુખ ને બદલે **શ્રી કોઠારા મિત્ર મંડળના પ્રમુખ** એમ વાચવું અને ક્રમાંક ૨૨ પર **શ્રી નલિન કેશવજી અજાણી, શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન કોઠારાના ભૂતપૂર્વ પ્રમુખ** ને બદલે વર્તમાન પ્રમુખ વાંચવું. શરતચૂક બદલ મિચ્છામિ દુકકડમ્

લિ. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ** તથા **બાયઠ કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન ટ્રસ્ટ**

માનદ્ મંત્રી : **શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા** તથા

**શ્રી ધનરાજ વેલજી પોલડીયા.**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **યશ કાંતિલાલ શાહ (શિયાલ)** (PS 4979) | ૧૦૩, વત્સરાજ, ૧લે માળે, શ્રધ્ધા સ્કૂલની સામે, જોધપુરગામ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો.: ૯૮૨૫૦ ૬૩૯૪૮ |
| **નલિન દામજી શાહ (ભોમાયા)** (PS 4848) | એ-૫૦૨, નરોડા પ્રાઈડ, પવન કો.હા.સો.ની સામે, નરોડા અમદાવાદ - ૩૮૨ ૩૨૫. મો.: ૯૯૭૮૫ ૦૮૫૬૩ |
| **હરીશ નવીન શાહ (નાગડા)** (PS 1231) | બી/૫૦૬, શ્રી દીપલક્ષ્મી કો.હા.સો., એન.ઈ.એસ. કોમ્પલેક્સની સામે, ભટ્ટી પાડા ક્રોસ રોડ, ભાંડુપ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૭૮. |
| **પદમશી ટોકરશી ખોના** (PS 1466) | ૪૦૪/૪૦૫, ૪થે માળે, સમૃધ્ધિ એપાર્ટમેન્ટ, (જલારામ જ્યોત), ગણેશ ગાવડે રોડ, વિજયા બેંકની પાછળ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ભાવિન ૮૦૮૨૪ ૭૫૮૮૧ |
| **વીરેન્દ્ર ચાંપશી લોડાયા** (PS 1849) | ૩૦૩, સદગુરુ દૃષ્ટિ, વાલજી લધા રોડ, મીરાની નગર, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૯૮૨૧૬ ૮૨૪૦૯ |
| **પારસ લહેરચંદ મૈશેરી** (PS 7225) | પી/૨૫, મોતી બાગ, ભિંગાર કેન્ટ, પોસ્ટ ઓફીસની સામે, અહમદનગર - ૪૧૪ ૦૦૨. મો.: ૯૪૮૧૫ ૨૯૭૭૮ |
| **ગિરીશ કુંવરજી ધરમશી** (PS 3793) | એ-૩૦૩, આશાપુરા દર્શન, પી એન્ડ ટી કૉલોની, હનુમાન મંદિર પાછળ, નાંદિવલી ક્રોસ રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૪. મો.: ૯૯૩૦૭ ૮૧૨૬૨, ૯૮૧૯૨ ૧૦૧૧૭ |
| **શ્રીમતી ચંપાબેન નવીન મૈશેરી** (PS 6768) | ૧લે માળે, ફ્લેટ નં. ૩, ગુરૂ કૃપા પાર્ક બિલ્ડીંગ, ગુરૂ કૃપા કૉલોની, કૉટન માર્કેટ પાછળ, ધુલે રોડ, અમલનેર-૪૨૫ ૪૦૧. મો.: ૯૮૨૩૯ ૪૭૪૩૨ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૨-૧૭ | ઘાટકોપર | જનવ, કૃપા ભરત ધુલ્લા | સેવક ભરૂડિયા | પુત્ર |
| ૨૪-૦૨-૧૭ | અમદાવાદ | જીયાન, વિરલ મનીષ મોતા | લાખણીયા | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૩-૧૭ | હુબલી | જય ભરત ખીમજી મોમાયા | સાંયરા | ૨૬ |
| | રાયપુર | ચાંદની કીર્તી શીવજી પોલડીયા | બાયઠ | ૨૬ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૩-૧૭ | નાગપુર | જતિન વર્ધમાન નરપાલ મોતા | તેરા | ૨૯ |
| | યવતમલ | તેજલ નરેન્દ્ર સકલેચા | યવતમલ | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૨-૧૬ | ડોમ્બીવલી | મનીષ કલ્યાણજી લખમશી ધરમશી | નાની સિંધોડી | ૪૨ |
| | ડોમ્બીવલી | સ્મિતા ભરત વિશનજી લોડાયા | જખૌ | ૪૦ |
| ૧૯-૨-૧૭ | ડોમ્બીવલી | મયુર હરીશ મણશી પોલડીયા | ડુમરા | ૨૮ |
| | ડોમ્બીવલી | બીજલ બલરાજ મેઘજી લોડાયા | અરીખાણા | ૨૩ |
| ૨૯-૦૧-૧૭ | હુબલી | દર્શન નવીનચંદ્ર લાલકા | બાંઢિયા | ૨૫ |
| (તા. ભુલસુધાર) | ઘાટકોપર | ફોરમ લલીત ધનજી ધરમશી | સુથરી | ૨૪ |

### લગ્ન છૂટા

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૧-૧૭ | સાયન | દીગંત સુરેન્દ્ર બંકીમચંદ લોડાયા | રવા | ૩૨ |
| | મુલુંડ | માનસી હરીશ જવેરચંદ ધુલ્લા | તેરા | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૩-૧૭ | જામનગર | મમતા ગૌતમ મોતા | સુથરી | ૪૭ |
| ૧૩-૦૩-૧૭ | વડોદરા | જવેરચંદ કાનજી ધુલ્લા | સુથરી | ૬૧ |
| ૧૪-૦૩-૧૭ | નેપીયન્સી રોડ | ખીમજી નરસી માંયા મોતા | સુથરી | ૮૦ |
| ૧૪-૦૩-૧૭ | મુલુંડ | કુંવરજી જેઠાભાઈ ખોના | સુથરી | ૮૨ |
| ૧૫-૦૩-૧૭ | ઔરંગાબાદ | દીપક જેઠાભાઈ મોમાયા | વરાડીયા | ૫૧ |
| ૧૬-૦૩-૧૭ | બોરીવલી | પુષ્પાબેન ચંદ્રસેન વેલજી પાલાણી | કોઠારા | ૭૨ |

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

SHREE AKHIL KUTCH JAN SAMPARK CHARITABLE TRUST

# શ્રી અખિલ કચ્છ જન સંપર્ક ચેરીટેબલ ટ્રસ્ટ

સ્થાપના : સંવત ૨૦૬૯

## श्री अखिल कच्छ जन संपर्क चेरीटेबल ट्रस्ट


શોપ નં. ૧, પ્લોટ નં. ૯૩ અને ૯૪, વોર્ડ ૬-બી, આદિપુર (કચ્છ) ફોન : ૦૨૮૩૬-૨૫૭૩૬૫ મો. : ૯૦૯૯૭ ૮૮૮૮૧

E-mail : sakjsskutch@gmail.com • Web : www.akjs.org

Trust Reg. No. : F/2411/Kutch Society Reg. No. : Bhuj/2233/Kutch


# મેઘા આવાસ યોજના

તસ્મૈશ્રી ગુરુવે નમ :
દિવ્ય કૃપા

દિવ્ય કૃપા



નવકારમંત્રાધારક
પ.પૂ. શ્રી મુક્તિશ્રીજી મ.સા.

આજ્ઞા એવં
અમીઆશીષ



તપસ્વીરત્ન, અ.ગ.પ.પૂ.
આ.ભ. શ્રી ગુણોદયસાગર
સૂરીશ્વરજી મ.સા.



રાષ્ટ્રસંત, અ.ગ.પ.પૂ.આ.ભ.
શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.

શુભાશિષ



સાહિત્ય દિવાકર પ.પૂ.
આ.ભ.શ્રી કલાપ્રભાસાગર
સૂરીશ્વરજી મ.સા.

પ્રેરણા દાતા



સુ. સા. શ્રી આગમ અભ્યાસી
પ.પૂ. જયદર્શીતાશ્રીજી મ.સા. (PHD)

**સમસ્ત જૈન જ્ઞાતિ જનો જોગ**




બૃહદ ગાંધીધામ થી લગભગ ૨૦ થી ૨૨ કિ.મી. ના અંતરે જૈન સમાજ માટે ૩૦૦ ફ્લેટની આવાસ યોજનાંનું આયોજન અમારા ટ્રસ્ટ મારફતે કરવામાં આવી રહયું છે જેમાં તમામ માળખાકિય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને ફલેટની કુલ્લ કિંમત માંથી લગભગ ૩,૫૦૦૦૦/ જેટલી સબસિડી/સહાય આપવામાં આવશે.

જે લાભાર્થી ભાઇઓ/બહેનોને આ યોજનાનું લાભ લઇ પોતાનું **'ઘર'**નું સપનું સાકાર કરવું હોય તેઓ એ નીચે જણાંવેલ સંપર્ક સેતુનો સંપર્ક કરી લેવું.

આ આવાસ યોજનાં માં ફ્લેટ ડ્રો પધ્ધતીથી ફાળવવામાં આવશે.

**આયોજક : પ્રદિપ આણંદજી ખોના - 9099788881**

: સંપર્ક સેતુ :

પ્રબોધભાઇ હિરાચંદ મુનવર
પ્રમુખશ્રી ક.દ.ઓ. જૈન મહાજન-ભુજ
9925169876

ભરતભાઇ સેવંતીલાલ શાહ
9726459888

અરવિંદ લાલજી લોડાયા
પ્રમુખશ્રી ક.દ.ઓ. જૈન મહાજન-ગાંધીધામ
9825634649

કેવલભાઇ શાહ (વિધીકાર)
9924911785

જય જિનેન્દ્ર



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)
## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

**શૈ. વર્ષ ૨૦૧૭-૨૦૧૮ (જુન, ૨૦૧૭) થી જામનગર મધે કન્યાછાત્રાલયમાં પ્રવેશ મેળવવા બાબત :**

ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતાં જ્ઞાતિની દીકરીઓને અનુક્રમે કન્યાછાત્રાલયમાં નિ :શુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.

જામનગર સ્થિત કન્યાછાત્રાલયમાં આગામી શૈ. વર્ષ ૨૦૧૭-૨૦૧૮ (જુન, ૨૦૧૭) થી ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં દાખલ થવા ઇચ્છતા જ્ઞાતિના દીકરીઓને અને એમના વાલીઓને આથી જાણ કરવામાં આવે છે કે દાખલ થવા માટેના મુકરર અરજી પત્રકો મુંબઇ તેમજ જામનગર કાર્યાલય પરથી નિ :શુલ્ક મળશે.

અરજી પત્રકમાં પુરે પુરી વિગતો ભરી તે વાર્ષિક પરીક્ષાના પરિણામની બે (૨) પ્રમાણીત નકલો જોડી **અરજીપત્રકો જામનગર** અથવા **મુંબઇ કાર્યાલય પર તા. ૧૦ મી મે, ૨૦૧૭ સુધીમાં મોકલી આપવાના રહેશે.**

### -: અરજી પત્રક મેળવવાનું સ્થળ :-

**મુંબઇ સંપર્ક :-**
C/o. **Ashok Manilal Dand,**
Khushbu Dye Chem,
99, New Unique Ind. Estate,
Opp Jawahar Cinema, Dr. R. P. Road,
Mulund(W), Mumbai-400 080. Tel : 2593 9696
**સમય : સાંજે ૪ થી ૭ કલાક**

**કન્યા છાત્રાલય :-**
કામદાર કોલોની, રોડ નં. ૩, શેરી નં. ૩,
એરોડ્રોમ રોડ, જામનગર - JAMNAGAR
ફોન : (૦૨૮૮) ૨૭૧૩૭૭૦
શ્રી મનોજ ખોના - ૯૮૨૪૨ ૨૬૬૫૫

---

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ || || શ્રી વાછરાદાદા નમો નમઃ ||

**સાંધવગામના વાછરાદાદાની ૨૬મી પહેડી પ્રસંગે સાંધવગામવાસીઓ, નિયાણી બહેનો, વાછરાદાદાને નમતા ભાવિકો તથા આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.**

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ આયોજીત વાછરાદાદાની પહેડી પ્રસાદ **ચૈત્રવદ-૫ રવિવાર, તા. ૧૬-૪-૨૦૧૭**

| | |
|---|---|
| પહેડી પ્રસાદ જુહારવાનો | : સાંજના ૪.૦૦ કલાકે |
| દાદાની સંગીતસાથે ભક્તિભાવના | : સાંજના ૫ કલાકેથી |
| મહાપ્રસાદ | : સાંજના ૬.૩૦ કલાકે |
| આરતી | : રાત્રે ૮.૩૦ કલાકે |

દાદાની ભક્તિ ભાવનાની રમઝટ જમાવશે.
**નયન ભોજક અને સાથી કલાકારો ગામ ભોયણી**
**પહેડી પ્રસાદના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર**
(સાંધવ - મુલુંડ)
**શુભ સ્થળ :** ઝવેરબેન પોપટલાલ ઓડીટેરીયમ રાષ્ટ્રીય શાળા, રેલ્વે સ્ટેશનની બાજુમાં, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ.
મો.: 098205 40949
**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**
**વિપુલ પટેલ** **કિરણ દંડ**

---

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

**સાંધવગામવાસીઓ તથા નિયાણી બહેનોને લાલછતા પીરની પહેડી પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ.**

સાંધવ ગામના લાલછતા પીરની પહેડી પ્રસાદ
**ચૈત્રવદ-૫ રવિવાર, તા. ૧૬-૪-૨૦૧૭**

| | |
|---|---|
| પહેડી પ્રસાદ જુહારવાનો | : સવારના ૧૦.૦૦ કલાકે |
| પીરની કવાલી સંગીતસાથે | : સવારના ૧૦.૩૦ કલાકે |
| મહાપ્રસાદ | : બપોરના ૧૨.૩૦ કલાકે |

**પહેડી પ્રસાદના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર**
(સાંધવ - મુલુંડ)

**શુભ સ્થળ :**
ઝવેરબેન પોપટલાલ ઓડીટેરીયમ રાષ્ટ્રીય શાળા, રેલ્વે સ્ટેશનની બાજુમાં, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ.

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ || || શ્રી અંબે માતાય નમઃ || || શ્રી રામદેવપીર નમઃ ||



# શ્રી અંબેમાઁ ધરમશી પરિવાર

સ્થાન : સુથરી તીર્થ, તા. અબડાસા, જી. કચ્છ – ૩૭૦ ૪૯૦.

**મુંબઈ નગરે શ્રી ધરમશી પરિવારનાં કુળદેવી શ્રી અંબેમાઁની ઓગણીસમી પહેડી પ્રસાદ નિમિત્તે**

## ભાવભર્યું આમંત્રણ

શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના કુટુંબીજનો તથા સ્નેહીઓ, સહર્ષ જણાવવાનું કે કુળદેવી શ્રી અંબેમાઁની અસીમ કૃપાથી અને આપ સૌનાં સાથ સહકારથી મુંબઈ નગરે શ્રી માતાજી ની ૧૯મી પહેડી પ્રસાદના આયોજન પ્રસંગે આપ સૌને ભાવભર્યું આમંત્રણ છે.

**શુભ દિવસ :**
સંવત ૨૦૭૩ ચૈત્ર સુદ ૧૩
રવિવાર, તા. ૯/૦૪/૨૦૧૭

**શુભ સ્થળ :**
શ્રી માટુંગા કચ્છી મુર્તી પુજક જૈન શ્વેતાંબર સંઘની શ્રી નારાણજી શામજી મહાજન વાડી,
૪૫૨/૪૫૩, ભાઊદાજી રોડ, મહેશ્વરી ઉદ્યાન, માટુંગા, મુંબઈ – ૪૦૦ ૦૧૯.

**પહેડીના દાતા :** શેઠશ્રી જયંતિલાલ વસનજી ધરમશી પરિવાર (કચ્છ સુથરી-ડોંબિવલી)
શેઠશ્રી આણંદજી કુરપાર ધરમશી પરિવાર (કચ્છ સુથરી-મુલુન્ડ)

**અન્ય કાર્યક્રમોની રૂપરેખા** સંવત ૨૦૭૩ ચૈત્ર સુદ ૧૩ રવિવાર, તા. ૯/૦૪/૨૦૧૭

- સવારે ૦૮.૦૦ કલાકે શ્રી માતાજીની વિશેષ પૂજા અને અર્ચના
- સવારે ૦૯.૦૦ કલાકે કુંભ અને દીપક સ્થાપના
- સવારે ૧૦.૦૦ કલાકે શ્રી માતાજીને પહેડી પધરાવવાની
- સવારે ૧૧.૦૦ કલાકે વિવિધ આદેશોની ઉછામણી તથા જાહેરાતો અને રાસ ગરબા
- બપોરે ૦૧.૦૦ કલાકે શ્રી માતાજીની મહાઆરતી

માતાજીના ભક્તિગીતો, રાસગરબા તથા આરતી થાળની સૂરાવલીનો ત્રિવેણી સંગમ કરાવશે. મિલન જૈન – લોડાયા (કચ્છ, સુથરી) અને સાથી કલાકારો

**આ પ્રસંગે આપ સર્વે ભાવિકોને તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

નિમંત્રક : શેઠશ્રી જયંતિલાલ વસનજી ધરમશી પરિવાર (કચ્છ સુથરી-ડોંબિવલી)
શેઠશ્રી આણંદજી કુરપાર ધરમશી પરિવાર (કચ્છ સુથરી-મુલુન્ડ) તથા શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના જય અંબે...

## ક.દ.ઓ. જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી મધુસુદન ચાંપાનેરીયાએ નાટક અને રીવર્સ ઑઈલ પેન્ટીંગ ક્ષેત્રે નામ કાઢી શાળાનું ગૌરવ વધાર્યું





રીવર્સ ઑઈલ પેન્ટીંગ દ્વારા ગ્લાસ પેઈન્ટીંગથી વિખ્યાત ચિત્રકાર થયેલા શ્રી મધુસુદન ચાંપાનેરીયાના ૭મા વન મૅન શૉનું પ્રદર્શન જહાંગીર આર્ટ ગેલેરી, કાલાઘોડા ખાતે તાજેતરમાં ૨૮ ફેબ્રુઆરી થી ૦૬ માર્ચ ૨૦૧૭ સુધી યોજાયું હતું. ઉદ્‌ઘાટન કલાપ્રેમી CA શ્રી વિનોદભાઈ મોમાયા અને તેમના ધર્મપત્નીના વરદ્‌ હસ્તે થયું હતું.

આ પ્રદર્શનમાં તેમના ૬૦ જેટલા ગ્લાસ અને એક્રેલીક શીટ ઉપર રીવર્સ પેઈન્ટીંગના ચિત્ર પ્રદર્શિત થયા હતા. આ નમૂનેદાર ગ્લાસ પેઈન્ટીંગની વિદેશમાં પણ સારી પ્રશંસા થાય છે.



શાળામાંથી સંગીતની તાલીમ મળતાં ઑલ ઈન્ડીયા રેડીઓ પર ૧૯૫૬ થી ૧૯૬૦ સુધી 'બહુરૂપી'માં ગાયક તરીકે તેમજ ગુજરાતી અભિનયની તાલીમ શાળામાંથી જ મળી અને ગુજરાતી રંગભૂમી પર ૧૯૬૫ થી ૧૯૯૩ (૨૫) વર્ષ સુધી (૫૨) નાટકોમાં અભિનય કર્યો. આમ જ્ઞાતિની ક.દ.ઓ. જૈન વિદ્યાલય શાળાએ જ મધુને ગાયક, અભિનેતા, ચિત્રકાર બનાવ્યા.

CA શ્રી વિનોદભાઈ મોમાયા, શ્રી મધુકાંત પદમશી ખોના, શ્રી ગિરીશભાઈ શાહ તેમના ભાઈ પરિવાર શાળાકીય જીવન દરમ્યાનના શિક્ષક વર્ગનાં પણ સંસ્મરણને યાદ કરી ભાવાંજલિ અર્પણ કરી હતી. જે.જે. સ્કુલ ઑફ આર્ટના ડીન શ્રી વાઘમારેએ પણ મધુના ગ્લાસ પેન્ટીંગ આર્ટ વિશેની કલાત્મક પક્ષ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન વિદ્યાલયના આ ભૂતપૂર્વ વિદ્યાર્થીએ શાળાનું નામ રોશન કર્યુ છે.

**– કુલીનકાંત ચાંપશી લુઢિયા**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (20-03-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001



# WANTED

## An M.B.A. MARKETING
for
## 3D PRINTING COMPANY






A leading **3D Printing** Company from our **Community** at Sion (Mumbai) who is doing projects and has done projects for **Tata, B.A.R.C.** leading Architects and Doctors needs M.B.A. Marketing.

Those interested should email their C.V. to **hr@meltingmints.in**





## સંગીત ક્ષેત્રે બોલીવુડના ઓરકેસ્ટ્રા માસ્ટર શ્રી જયંતીલાલ રાયશી ગોસરને શ્રીમતી તારામતી વિશનજી હરશી ગાલા સાહિત્ય પુરસ્કાર મેળવવા બદલ અભિનંદન

કચ્છના સાહિત્ય અને સંસ્કાર ક્ષેત્રનાં સર્જક કલાકારોને સત્કારવાની સેવાનું કામ કરતી સાહિત્ય-કલા પારખુ સંસ્થા શ્રીમતી તારામતી વિશનજી હરશી ગાલા સાહિત્ય પુરસ્કાર સમિતિ દ્વારા ગત્ રવિવારે ૫ માર્ચ ૨૦૧૭ના ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ઘાટકોપરમાં તેમનો ૧૪મો વાર્ષિક સન્માન સમારંભ યોજાશો હતો. જેમાં સંગીતવાદન ક્ષેત્રે વિખ્યાત બનેલા આપણી જ્ઞાતિ પ્રતિભા શ્રી જયંતીલાલ રાયશી ગોસરનું પણ ભારે મેદની વચ્ચે અભિવાદન થયું હતું.

કચ્છમાં બાયઠના અને હાલે મુંબઈમાં અંધેરી રહેતા સેન્ટ ઝેવીયર્સ કોલેજમાંથી BA થયેલા, આ ઓલ ઇન્ડીયાના માન્ય કલાકાર અને સંગીતનો વારસો જેમના પિતાશ્રી પાસેથી મળ્યો છે તેવા શ્રી જયંતિલાલ આ શુભ પ્રસંગે તેમની વિખ્યાત તરજજો ઈલેક્ટ્રીક ગીટાર-મેંડાલીન પર વગાડી સમસ્ત સભાગૃહને ખુશ કરી દીધા હતા. તેમની આજ સુધીની વ્યવસાયિક કારકીર્દિઓ વિષે, અને તેમની સિધ્ધીઓ જાણી સભાએ તાળીઓના ગડગડાટથી તેમને ધરાવી લીધી હતી.

આપણાં કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના ગૌરવસમા સંગીત સમ્રાટ શ્રી જયંતિલાલ ગોસરને સો સો સલામ.

– કુલીનકાંત ચાંપશી લુઠીયા

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,